પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૧૮ • કુલ પાના : ૪ • તારીખ : ૧૦-૦૫-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# શાહીનબાગમાં બુલડોઝર : ખૂબ જ વિવાદ પછી દબાણ હટાવ્યા વગર જ પાછા ફર્યા MCDના અધિકારીઓ

## શાહીનબાગમાં લોકો બુલડોઝરની સામે જ બેસી ગયા, અધિકારીઓ ગયા બાદ લોકોએ ખુશ થઈ ત્રિરંગો લહેરાવ્યો

નવીદિલ્હી,

દિલ્હીમાં અંદાજે ૨ વર્ષ પહેલાં નાગરિકતા કાયદા સામે વિરોધ-પ્રદર્શનથી ચર્ચામાં આવેલા શાહીનબાગમાં આજે ફરી વિવાદમાં છે. કારણ એમસીડીએ આજે અતિક્રમણ વિરોધી અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. તેથી એમસીડીના બુલડોઝર શાહીનબાગ પહોંચતા જ વિવાદ શરૂ થઈ ગયો હતો.

અહીં અતિક્રમણ હટાવવાનું કામ શરૂ થાય તે પહેલા જ હંગામો જોવા મળી રહ્યો છે. કેટલાક સ્થાનિક નેતાઓ અને રહીશો એમસીડીના બુલડોઝર ચાલે તે પહેલા જ તેની આગળ બેસી ગયા અને જોરજોરથી એમસીડી અને ભાજપ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યો. હાલ તો જોકે આ લોકોને હટાવી લેવાયા છે અને બુલડોઝર આગળ વધી રહ્યુ છે. અતિક્રમણ હટાવવાનું કામ દિલ્હી પોલીસની હાજરીમાં કરાશે. હાલ આ મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ગયો છે. સ્થિતિ જોતા ત્યાં વધારાના સુરક્ષાકર્મીઓ પણ તૈનાત કરાયા છે. પોલીસની મદદ માટે સીઆરપીએફના ૧૦૦ જવાન મોકલવામાં આવ્યા હતાં. બુલડોઝરથી કાર્યવાહી કરવામાં આવે તે પહેલા જ કેટલાક લોકો બુલડોઝર આગળ જ બેસી ગયા જેમાં મહિલાઓ પણ સામેલ હતી. વિસ્તારના લોકોનું કહેવું છે કે એમસીડીને છેલ્લા ૧૫ વર્ષથી આ અતિક્રમણ દેખાયું નહીં. પરંતુ હવે અચાનક સરકારને અતિક્રમણ જોવા મળી રહ્યું છે. વિરોધ



કરી રહેલા લોકોને ખસેડવામાં આવ્યા હતાં અને વિરોધ પ્રદર્શનમાં સામેલ કેટલીક મહિલાઓની અટકાયત પણ કરાઇ છે. બુલડોઝર સામે અડિંગો જમાવીને બેઠેલા લોકોને પોલીસ દ્વારા હટાવવામાં આવ્યા હતાં આ વિસ્તારના લોકો અને રાજકીય પક્ષો બુલડોઝરની કાર્યવાહીનો વિરોધ કરી રહ્યા છે. વિરોધ કરી રહેલા લોકોએ કહ્યું કે, ગરીબો પર બુલડોઝર ચલાવવા દેવામાં આવશે નહીં. આ બુલડોઝરના નામે દિલ્હીની જનતાને ખતમ કરવાની યોજના ઘડવામાં આવી છે. દેશ કાયદાથી ચાલશે બુલડોઝરથી નહીં. બંધારણના દાયરામાં રહીને પગલાં લેવા જોઈએ. આ પ્રદર્શનમાં મહિલાઓ પણ હાજર હતી.

આમ આદમી પાર્ટીના વિધાયક અમાનતુલ્લાહ ખાન પણ હાલ શાહીનબાગ પહોંચ્યા હતા. જ્યાં અતિક્રમણ હટાવવા માટે બુલડોઝરથી કાર્યવાહી હાથ ધરાઈ છે. અમાનતુલ્લાહ ખાને કહ્યું કે મસ્જિદ સામે એક શૌચાલય હતું. જેને મે મારા પૈસે હટાવ્યું. વિધાનસભા વિસ્તારમાં જ્યાં જ્યાં અતિક્રમણ છે તે એમસીડીવાળા મને જણાવે, હું પોતે હટાવી દઈશ. અહીં આવીને માહોલ ખરાબ કરી રહ્યા છે. રાજનીતિકરણ થઈ રહ્યું છે.

જો કે એમસીડીના શાહીન બાગ વિસ્તારમાં દબાણ હટાવવાના અભિયાનને લઈને સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. સોમવારે સવારે એમસીડીના લોકો શાહીન બાગમાં બુલડોઝર લઈને પહોંચી ગયા જેનો ભારે વિરોધ થયો છે. સુપ્રીમ કોર્ટે દક્ષિણ દિલ્હી નગર નિગમથી આ કાર્યવાહીને લઈને સવાલ કર્યા કે જ્યારે આ અદાલતમાં આ મામલે સુનાવણીની તારીખ હતી તો તમે શાહીન બાગમાં કથિત દબાણને ધ્વસ્ત કરવા માટે પોતાનુ અભિયાન કેમ શરુ કર્યુ.

સુપ્રીમ કોર્ટે એમસીડીને સવાલ કર્યો છે કે જ્યારે અતિક્રમણ સામે કાર્યવાહીનો કેસ પહેલેથી જ કોર્ટમાં છે અને આજે એના પર સુનાવણી માટે તારીખ આપવામાં આવી છે તો પછી બુલડોઝર લઈને તમે ત્યાં કેમ પહોંચી ગયા. શાહીન બાગમાં કથિત ગેરકાયદે નિર્માણ ધ્વસ્ત કરવાના આદેશ સામે ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી માર્ક્સવાદીએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે જેના પર આજે સુનાવણી થવાની છે.

એમસીડીની ટીમ આજે શાહીન બાગ વિસ્તારમાં અતિક્રમણ હટાવો અભિયાન ચલાવવા માટે પહોંચી હતી. એમસીડીના ઘણા બુલડોઝર સોમવારે કથિત ગેરકાયદે નિર્માણને પાડવા માટે શાહીન બાગમાં પહોંચ્યા પરંતુ એમસીડી અને પોલિસને સ્થાનિક લોકોનો ભારે વિરોધનો સામનો કરવો પડ્યો. આમ લોકોના વિરોધના કારણે બપોરે એમસીડીએ પોતાના અભિયાનને રોકી દીધુ છે.

જહાંગીરપુરીમાં હનુમાનજયંતીના દિવસે થયેલી હિંસા પછી અહીં બુલડોઝરથી અતિક્રમણ હટાવવામાં આવી રહ્યાં છે, જોકે એ સમયે કાર્યવાહી બહુ લાંબી ચાલી શકી ન હતી, કારણ કે ત્યારે સુપ્રીમ કોર્ટનો સ્ટે આવ્યો હતો. કોર્ટે હાલ જહાંગીરપુરીમાં અતિક્રમણ હટાવવાની કાર્યવાહી પર સ્ટે લગાવ્યો છે.લોકોના વિરોધ અને ગુસ્સા પછી બપોરે ૧૨.૩૦ વાગે એમસીડીના બુલડોઝર શાહીનબાગથી પરત ફર્યા હતા. ત્યારપછી લોકોએ અહીં ત્રિરંગો લહેરાવ્યો હતો.

# ગાંધીનગરમાં જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગણી સાથે ધરણાં યોજાયાં

ગાંધીનગર,

જૂની પેન્શન યોજના ફરી શરૂ કરવાની માગ સાથે શિક્ષકોએ આંદોલનનું શસ્ત્ર ઉગામ્યુંછે. સરકાર દ્વારા નવી પેન્શન યોજના લાવવામાં આવતા રાજ્યના સરકારી કર્મચારીઓ જૂની પેન્શન યોજના મુજબ જ લાભો આપવાની માંગ સાથે ગાંધીનગરમાં શિક્ષકોએ શક્તિપ્રદર્શન કર્યુ છે. જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગણી સાથે અગાઉ રાષ્ટ્રીય ઓલ્ડ પેન્શન પુનઃ સ્થાપન સંયુક્ત મોરચા દ્વારા ત્રણ દિવસ અગાઉ ધરણાં યોજાયાં હતાં. આજે ફરી હજારોની સંખ્યામાં વિવિધ સંગઠનના કર્મચારીઓ સહિત શિક્ષકો દ્વારા વિરોધ




નોંધાવવામાં આવી રહ્યો છે.

રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ગત તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૫ પછી ભરતી થયેલા કર્મચારીઓની જૂની પેન્શન યોજના રદ કરી દેવામાં આવી છે. તેને બદલે નવી પેન્શન યોજના લાગુ કરવામાં આવી છે. ઉપરાંત કરાર આધારિત, ફિક્સ પગારથી કર્મચારીઓની ભરતી કરવામાં આવી રહી છે.

ગુજરાતના સંયુક્ત કર્મચારી મોરચાના આગેવાનોની પાંચ જેટલી મુખ્ય માગણીઓ સાથે આંદોલનના મંડાણ શરૂ કર્યા છે. જેમાં જૂની પેન્શન યોજનાને સત્વરે લાગુ કરવી.તેમજ સાતમા પગાર પંચનો કર્મચારીઓને લાભ આપવો.ઉપરાંત ફિક્સ પગાર યોજના નાબૂદ કરવાની સાથે જ અન્ય કેડરની પણ સળંગ સર્વિસ ગણવાની માગણી છે..આ અન્ય કેડરોને પણ ઉચ્ચતર પગાર ધોરણ મળવું જોઈએ..

રાજ્યમાં એક તરફ વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે સરકારી કર્મચારીઓ દ્વારા સરકાર સામે વિવિધ પડતર માંગણીઓના સંદર્ભમાં ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પ્રદર્શન કરવામાં આવી રહ્યુંછે. રાજ્યના ૭૨ જેટલા કર્મચારી મંડળો એકત્ર થયા છે. એક સંયુકત્ત મોરચાની રચના કરાઈ છે. જેમાં આરોગ્ય, શિક્ષણ તથા પંચાયત સહિતના વિભાગોના કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ કર્મચારી મંડળોની મુખ્ય પાંચ માંગણીઓ છે, જેમાં જૂની પેન્શન યોજના, સાતમા પગાર પંચના લાભો ફિક્સ પગાર યોજના નાબૂદ કરવી, અન્ય કેડરની સર્વિસ પણ સળંગ કરવી અને અન્ય કેડરને પણ ઉચ્ચતર પગાર ધોરણ આપવું, તેનો સમાવેશ થાય છે.

# આર્થિક સંકટ અને હિંસા વચ્ચે શ્રીલંકન પ્રધાનમંત્રી મહીંદા રાજપક્ષે રાજીનામુ આપ્યું

કોલંબો,

શ્રીલંકાના વડા પ્રધાન મહિન્દા રાજપક્ષેએ સોમવારે રાજીનામું આપ્યું હતું, તેમના પ્રવક્તાએ જણાવ્યું હતુ કે, તેમના સમર્થકો અને સરકાર વિરોધી વિરોધીઓ વચ્ચે હિંસક અથડામણના થોડા સમય બાદ ૭૮ લોકો ઘાયલ થયા હતા. શ્રીલંકામાં ચાલી રહેલી આર્થિક કટોકટી વચ્ચે તેમનું રાજીનામું આવ્યું છે.

પ્રવક્તા રોહન વેલિવિતાએ જણાવ્યું હતું કે, ૭૬ વર્ષીય વૃદ્ધે તેમના નાના ભાઈ રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેને રાજીનામું પત્ર મોકલ્યું હતું અને "નવી એકતા સરકાર" માટેનો માર્ગ સાફ કર્યો હતો. છેલ્લા બે



મહિનામાં, કોલંબોમાં ગાલે ફેસ ખાતે સરકાર વિરોધી વિરોધીઓએ પૂર્વ રાષ્ટ્રપતિ વર્તમાન કટોકટીમાં તેમની ભૂમિકા બદલ રાજીનામું આપે તેવી માંગ કરી હતી. આ પગલું આશ્ચર્યજનક માનવમાં આવે છે કે કારણ કે વહેલી સવારે મહિન્દા રાજપક્ષેએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વિરોધ છતાં તેઓ તેમની ભૂમિકામાં રહેશે. સરકાર તરફી જૂથો અને વિરોધીઓ વચ્ચેની અથડામણ પછી તરત જ, સત્તાવાળાઓએ દેશવ્યાપી કર્ફ્યુ લાદી દીધો હતો અને રાજધાની કોલંબોમાં સૈન્ય સૈનિકો તૈનાત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેના કાર્યાલયની બહાર અથડામણ પણ થઈ હતી.

મહિન્દા રાજપક્ષે પીએમ પદ છોડવાની ઓફર કરી શકે છે તેવા અહેવાલોને પગલે હિંસા થઈ હતી, કારણ કે દેશ સામેની સૌથી ખરાબ આર્થિક કટોકટીમાંથી બહાર આવવા માટે વચગાળાના વહીવટીતંત્રની રચના કરવા માટે સંઘર્ષિત સરકાર પર દબાણ વધ્યું હતું.સ્થાનિક મીડિયા દ્વારા પોલીસ પ્રવક્તાએ ટાંકીને જણાવ્યું હતું કે, આગામી સૂચના સુધી તાત્કાલિક અસરથી કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો. અથડામણ પછી કાયદાના અમલીકરણમાં મદદ કરવા માટે વિરોધ સ્થળ પર લશ્કરી ટુકડી તૈનાત કરવામાં આવી હતી.

શ્રીલંકાની આર્થિક ઉથલપાથલ આંશિક રીતે વિદેશી ચલણની અછતને કારણે થાય છે, જેનો અર્થ એવો થાય છે કે દેશ મુખ્ય ખાદ્યપદાર્થો અને ઈંધણની આયાત માટે ચૂકવણી કરી શકતો નથી, જેના કારણે તીવ્ર અછત અને ખૂબ ઊંચા ભાવો થાય છે.

(અનુ.પાના.નં.૨)

# સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં આવેલ APMCમાં ડુંગળી વેચનારા ખેડૂતોને પ્રતિ કિલોએ રૂ. ૨ની આર્થિક સહાય

ગાંધીનગર,

ખેડૂતોની આવક વધારવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારે સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં આવેલ એ.પી.એમ.સીમાં ખેડૂત દ્વારા વેચાણ થતી ડુંગળી માટે ખેડૂતોને પ્રતિ કિલોએ રૂ.૨ની આર્થિક સહાય કરવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે. જેમાં એક ખેડૂત દીઠ મહત્તમ ૨૫,૦૦૦ કિલોના વેચાણ સુધી એટલે કે મહત્તમ રૂ. ૫૦,૦૦૦/- સુધી મળવા પાત્ર થશે. આ આર્થિક સહાય માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ.૧૦૦ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે તેમ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યુ હતું.

કૃષિ મંત્રીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે ચાલુ વર્ષે સૌરાષ્ટ્ર વિસ્તારમાં રવી ઋતુમાં અંદાજીત ૮૮,૦૦૦ હેક્ટરથી વધારે વિસ્તારમાં ડુંગળીનું વાવેતર થયું છે. જે સામાન્ય વાવેતર વિસ્તાર કરતાં વધારે હોઈ સરેરાશ અંદાજે વધુ ઉત્પાદન થયું છે. જેના કારણે સૌરાષ્ટ્ર વિસ્તારની વિવિધ એપીએમસીઓમાં ડુંગળીની ભારે માત્રામાં આવક થઈ છે. પરિણામે ૧ એપ્રિલથી એ.પી.એમ.સી માં ડુંગળીના વેચાણ ભાવ ઘટ્યા છે. પોષણક્ષમ ભાવ ન મળતા, ખેડૂતો અને ખેડૂત સંગઠનો દ્વારા ખેડૂતોને આર્થિક સહાય પુરી પાડવા માટે અનેક રજૂઆતો રાજ્ય સરકારને મળી હતી. રાજ્ય સરકારે ખેડૂતો પ્રત્યે સંવેદનશીલતા દાખવતા સૌરાષ્ટ્ર વિસ્તારમાં ડુંગળી પકવતાખેડૂતોને આર્થિક સહાય પુરી પાડવાનો મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે તેમ મંત્રીએ ઉમેર્યુ હતું.

તેમણે જણાવ્યું હતું કે વિવિધ છઁસ્ઝમાં ડુંગળીનું વેચાણ કરતા ખેડૂતોની દેખરેખ અને નિરિક્ષણની કામગીરી, ખેતબજાર નિયામક અને ગ્રામ્ય અર્થતંત્ર દ્વારા કરવાની રહેશે. આ યોજનાના અમલીકરણની કામગીરી જે તે જિલ્લાની બજાર સમિતિ અને જિલ્લા રજિસ્ટ્રારે કરવાની રહેશે.ખેડૂતોના ખાતામાં ડીબીટીથી સહાય ચૂકવવામાં આવશે. કૃષિ મંત્રીશ્રીએ આ નિર્ણય બદલ મુખ્યમંત્રી અને નાણા મંત્રીનો ખેડૂતો વતી આભાર માન્યો હતો.

# BSFના જવાનોએ અમૃતસરમાં આંતરરાષ્ટ્રીય બોર્ડર પર પાકિસ્તાનથી આવી રહેલા ડ્રોનને તોડી પાડ્યું

અમૃતસર,

બીએસએફે એક વખત પાકિસ્તાનના નાપાક ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. બીએસએફના જવાનોએ અમૃતસરમાં આંતરરાષ્ટ્રીય બોર્ડર પર પાકિસ્તાનથી આવી રહેલા ડ્રોનને તોડી પાડ્યું છે. ડ્રોનમાંથી એક બેગ મળી આવી છે, જેમાં લગભગ ૧૧ કિલો હેરોઈન હોવાની આશંકા છે.

આ પહેલા શનિવારે એક પાકિસ્તાની ડ્રોને જમ્મુના સરહદી વિસ્તારમાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો. બીએસએફના જવાનોએ આ ડ્રોન પર ગોળીબાર કર્યો હતો, જે બાદ ડ્રોન પાકિસ્તાની બોર્ડર તરફ પરત ફર્યુ હતું. શનિવારે સાંજે લગભગ ૭.૨૫ વાગ્યે આરએસ પુરા સબ-ડિવિઝનના અરનિયા વિસ્તારમાં આ ડ્રોન અચાનક દેખાયું. આ ડ્રોન અરનિયામાં આઈબી પાસે જોવા મળ્યુંહતું, પરંતુ બોર્ડર પર તૈનાત BSF જવાનોએ આ ડ્રોન પર ૮ ગોળીબાર કર્યો હતો. જેવા આ ડ્રોન ભારતીય સરહદમાં પ્રવેશ્યા કે તરત જ બીએસએફ જવાનોએ તેમના પર ગોળીબાર શરૂ કરી દીધો, સાંજે પાકિસ્તાન તરફથી રંગબેરંગી લાઈટો ફેલાવવામાં આવી. જે બાદ આ ડ્રોન તરત જ પરત ફર્યું હતું. આ ઘટના બાદ બીએસએફના જવાનોએ સરહદની આસપાસ સર્ચ ઓપરેશન શરૂ કર્યુંહતું. એવી પણ આશંકા છે કે આવા ડ્રોનનો ઉપયોગ પાકિસ્તાન દ્વારા ભારતીય સરહદી વિસ્તારોમાં હથિયારો અથવા ડ્રગ્સની દાણચોરી માટે કરવામાં આવે છે. ઘટના બાદ સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘટનાસ્થળે તપાસ હાથ ધરી હતી.

# કોલસાની બંધ ખાણો ખાનગી કંપનીઓને સોંપી ચાલુ કરવાની સરકારની તૈયારી



ધનબાદ,

કોલ ઈન્ડિયા લિમિટેડની ૨૦બંધ ભૂમિગત ખાણો હવે દેશની મોટી ખાનગી કંપનીઓ ચલાવશે. આ ખાણોને આવકની વહેંચણીના મોડેલ પર ઉત્પાદનમાં લાવવાની રજૂઆત કોલ ઈન્ડિયાએ કરી છે. બે દિવસ પહેલા મુંબઈમાં એક ઈન્વેસ્ટર્સ મીટમાં આ ઓફર કોલ ઈન્ડીયા તરફથી કરવામાં આવી હતી. આ ખાણોમાં લગભગ ૩૮૦ મીલીયન ટન કોલસો છે. ખાણોમાંથી ૩૦-૪૦ ટન મિલીયન ટન કોલસો સરળતાથી કાઢી શકાય તેમ છે. આ ઈન્વેસ્ટર્સ મીટમાં ભેલ, હિન્દાલ્કો, અદાણી, જેએસપીએલ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ,ટાટા કંધસલ્ટીંગ એન્જીનિયર્સ લીમીટેડ, અલ્ટ્રા ટ્રેક સિમેન્ટ,વેદાંતા અને અન્ય મુખ્ય કંપનીઓના લોકો હાજર હતા. બીસીસીએલની પાંચ બંધ ખાણો ખાનગી કંપનીને ઓફર કરાઈ છે. તેમાં અમલાબાદ,ખરખરટી, મધુબન, લોયાબાદ વગેરે છે. કોલસા મંત્રીએ ટવીટકર્યું છે કે જે ૨૦ ખાણોને ખાનગી કંપનીઓના સહયોગથી ચલાવવાની તૈયારી છે તેમાં બીસીસીએલ, ડબલ્યુસીએલની પાંચ, ઈસીઈએલની ચાર, સીસીએલની બે તેમજ એસઈસીએલની ચાર ખાણો સામેલ છે. અનેક વીજ એકમોને ફાયદો : સરકારના નવા ઉપાયોથી કુલ ૭.૮૦૦ મેગાવોટનો આયાતીત કોલસા આધારિત વીજળી એકમોને ફાયદો થઈ શકે છે. આથી બંધ પડેલી ટાટા પાવર, અદાણી પાવર અને જેએસડબલ્યુ એનર્જી વગેરેને મોટો લાભ થઈ શકે છે.

# દિલ્હીમાં પ્રદૂષણના કારણે ઓઝોનનુ સ્તર બમણુ થઈ ગયુ

નવીદિલ્હી,

દિલ્હી સહિત ઉત્તર અને મધ્ય ભારતના કેટલાક વિસ્તારોમા આ વખતે ગરમીએ વહેલા દસ્તક આપતા ૧૨૨ વર્ષનો રેકોર્ડ તોડી દીધો છે. જેમા હવામાન વિભાગના અનુમાન અનુસાર આ વખતે ઉત્તર ભારતમાં તાપમાન ૫૦ ડિગ્રીએ પહોંચી શકે છે.આ સિવાય દિલ્હી અને તેની આસપાસના વિસ્તારમાં એક અલગ પ્રકારનુ પ્રદૂષણ ઘણુ ઝડપથી વધ્યુ છે. આ પ્રદૂષણ છે ગ્રાઉન્ડ લેવલ ઓઝોનનુ છે જે લગભગ બેગણુ થઈ ગયુ છે. ઓઝોન ગેસ ત્યારે પેદા થાય છે જ્યારે નાઈટ્રોજનના ઓકસાઈડ અને અસ્થિર કાર્બનિક સંયોજન ઝડપથી ગરમીના સંપર્કમાં આવે છે આવુ મોટાભાગે તે વિસ્તારમાં થાય છે જ્યાં ટ્રાફિક વધુ હોય છે અથવા ફેક્ટરીઓ હોય છે. ઓઝોનને ૮ કલાકના હિસાબે માપવામાં આવે છે. આ દરમિયાન આ ૧૦૦ માઈક્રોગ્રામ પ્રતિ ક્યુબિક મીટર થવુ જોઈએ પરંતુ દિલ્હીના જવાહરલાલ નેહરૂ સ્ટેડિયમ, કરણીસિંહ શૂટિંગ રેન્જ, નેહરૂ નગર, મંદિર માર્ગ, આરકેપુરમ અને નરેલામાં એપ્રિલના અંતિમ સપ્તાહના ૭ માંથી ૬ દિવસ દરમ્યાન ઘણુ વધુ નોંધાયુ છે.



## જાહેર નિવિદા નંબર : એસકે/૬ સને ૨૦૨૨-૨૩

## ગુજરાત સરકાર

આથી કાર્યપાલક ઈજનેરશ્રી, મહીસાગર મા.અને મ.વિભાગ, લુણાવાડા, કોટેજ હોસ્પિટલ પાસે, લુણાવાડાની કચેરીએથી ઝેરોક્ષની જરૂરીયાત મુજબની કામગીરી કરાવવા અંગે ઝેરોક્ષની કામગીરીમાં રસ ધરાવનાર સ્થાનિક ઈસમો પાસેથી વિભાગ પેટાવિભાગોની નીચે મુજબની કામગીરીના પોતાના લેટરપેડ પર રજી.પો.એ.ડી. સ્પીડ પોસ્ટથી ભાવપત્રક મંગાવવામાં આવે છે. ભાવપત્રક સાથે સંસ્થાની નોંધણીનું પ્રમાણપત્ર, ઈન્કમટેક્ષ પ્રમાણપત્ર પાન નંબર બાનાની રકમ રૂા.૫૦૦૦ ડ્રાફટ અથવા એફ.ડી.આર. (રાષ્ટ્રીયકૃત બેન્કની) કાર્યપાલક ઈજનેરશ્રી, મહીસાગર મા.અને મ.વિભાગ, લુણાવાડાના નામનો બિડવાનો રહેશે. ભાવપત્રક મોડામાં મોડું તા.૧૬ ૦૫ ૨૦૨૨ સુધીમાં મળે તે રીતે મોકલવાના રહેશે. ભાવપત્રકોના કવર ઉપર 'ઝેરોક્ષની કામગીરીનું ભાવપત્રક' તેમ જણાવવાનું રહેશે. જેની તરફેણમાં ભાવ મંજૂર થશે. તેઓશ્રીએ ડીપોઝીટની રકમ જમા કરાવી ડીટેન્ડરમાં કરારખત કરવાનું રહેશે. તથા તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી, મહીસાગર મા.અને મ.વિભાગ, લુણાવાડાની કચેરીએ ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે.

બાનાની રકમ વગર તેમજ શરતી ભાવપત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. એક યા બધા જ ભાવપત્રકો રદ કરવાની સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની સત્તાને આધિન રહેશે.

| અ.નં. | કામગીરીની વિગત | એકમ | ભરેલ ભાવ |
|---|---|---|---|
| ૧ | કાગળની ઝેરોક્ષ કરાવવાના ભાવઃ– | | |
| | એ–૪ સાઈઝ (એક બાજુ) | પ્રતિ નંગ | |
| | એ–૪ સાઈઝ (બંન્ને બાજુ) | પ્રતિ નંગ | |
| | એફ.એસ. લીગલ સાઈઝ (એક બાજુ) | પ્રતિ નંગ | |
| | એફ.એસ. લીગલ સાઈઝ (બંન્ને બાજુ) | પ્રતિ નંગ | |
| | એ–૩ સાઈઝ (એક બાજુ) | પ્રતિ નંગ | |
| | એ–૩ સાઈઝ (બંન્ને બાજુ) | પ્રતિ નંગ | |
| ૨ | સ્પાયરલ બુક બાઈન્ડીંગઃ– | | |
| | ૨૫ પેજ સુધી | પ્રતિ નંગ | |
| | ૨૫ થી ૫૦ પેજ | પ્રતિ નંગ | |
| | ૫૦ થી ૭૫ પેજ | પ્રતિ નંગ | |
| | ૭૫ થી ૧૦૦ પેજ | પ્રતિ નંગ | |
| | ૧૦૦ થી ૨૦૦ પેજ | પ્રતિ નંગ | |
| | ૨૦૦ થી ૫૦૦ પેજ | પ્રતિ નંગ | |
| | ૫૦૦ થી વધારે | પ્રતિ નંગ | |

કાર્યપાલક ઈજનેર
મહીસાગર મા. અને મ. વિભાગ
લુણાવાડા

માહિતી/ગોધરા/૧૧૯/૨૦૨૨


# દાઉદ ઈબ્રાહિમના શાર્પ શૂટર્સ, દાણચોરોના ૨૦ સ્થળો ઉપર દરોડા પાડવામાં આવ્યા

મુંબઈ,

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) એ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની ડી-કંપની વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. એનઆઈએએ આજે મુંબઈમાં ૨૦ સ્થળો પર દરોડા પાડ્યા છે. આ ૨૦ સ્થળો દાઉદના શાર્પ શૂટર્સ, દાણચોરો સાથે સંબંધિત છે. આ સિવાય ઘણા હવાલા ઓપરેટરો પર પણ દરોડા પાડવામાં આવ્યા છે.

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની ડી-કંપની વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. એનઆઈએએ આજે મુંબઈમાં ૨૦ સ્થળો પર દરોડા પાડ્યા છે. આ ૨૦ સ્થળો દાઉદના શાર્પ શૂટર્સ, દાણચોરો સાથે સંબંધિત છે. આ સિવાય ઘણા હવાલા ઓપરેટરો પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. જાણકારી અનુસાર એનઆઈએએ બોરીવલી, સાંતાક્રુઝ, બાંદ્રા, નાગપાડા, ગોરેગાંવ, પરેલના ૨૦ સ્થળો પર દરોડા પાડ્યા છે. જાણકારી અનુસાર, ગૃહ મંત્રાલયના આદેશ પર એનઆઈએએ દાઉદ ઈબ્રાહિમ, ડી કંપની વિરુદ્ધ કેસ નોંધ્યો હતો, જેના આધારે આ તપાસ ચાલી રહી છે. તે દાઉદ અને તેની ગેંગના સભ્યો વિરુદ્ધ નોંધાયેલી એફઆઈઆર પર આધારિત છે. એ જ એફઆઈઆર, જ્યાં ઈડીએ તપાસ શરૂ કરી અને નવાબ મલિકનું કનેક્શન મળી આવ્યું. ડી કંપની સંયુક્ત રાષ્ટ્ર (યુએન) દ્વારા પ્રતિબંધિત આતંકવાદી સંગઠન છે. તે જ સમયે, ૧૯૯૩ના મુંબઈ વિસ્ફોટના આરોપી દાઉદને ૨૦૦૩માં યુએન દ્વારા વૈશ્વિક આતંકવાદી ગણવામાં આવ્યો હતો. તેના પર ઈ૨૫ મિલિયનનું ઈનામ પણ રાખવામાં આવ્યું હતું.

દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાયેલા કેસની તપાસ ફેબ્રુઆરી ૨૦૨૨માં ગૃહ મંત્રાલય દ્વારા એનઆઈએને સોંપવામાં આવી હતી. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી દેશની સૌથી મોટી આતંકી તપાસ એજન્સી છે. અગાઉ, ઈડી દાઉદ સાથે સંબંધિત કેસોની તપાસ કરી રહી હતી.

ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ડી કંપની અને દાઉદ ઈબ્રાહિમ ટેરર ફંડિંગ, નાર્કો ટેરર, ડ્રગ્સ સ્મગલિંગ અને ફેક કરન્સી (એફઆઈસીએન)નો વેપાર કરીને ભારતમાં આતંક ફેલાવવાનું કામ કરી રહ્યા છે. એટલું જ નહીં, દાઉદ ઈબ્રાહિમ અને તેની ડી કંપની લશ્કર-એ-તૈયબા,જૈશ-એ-મોહમ્મદ અને અલ કાયદા દ્વારા ભારતમાં આતંકવાદી ગતિવિધિઓ કરી રહી છે.

એનઆઈએ માત્ર દાઉદ ઈબ્રાહિમ અને તેની ડી કંપનીની આતંકવાદી ગતિવિધિઓની જ નહીં પરંતુ અંડરવર્લ્ડ ડોનનાં ગોરખધંધા છોટા શકીલ, જાવેદ ચિકના, ટાઈગર મેનન, ઈકબાલ મિર્ચી (મૃતક), દાઉદની બહેન હસીના પારકર (મૃતક) સાથે સંબંધિત આતંકવાદી પ્રવૃત્તિઓની પણ તપાસ કરશે. હાલમાં, દાઉદ ઈબ્રાહિમ પાકિસ્તાનમાં છુપાયેલો છે અને કરાચીના પોશ વિસ્તારમાં પોતાનું ઠેકાણું બદલતો રહે છે.

# ચારધામ યાત્રામાં ઉંમટયું ભક્તોનું ઘોડાપૂર, હોટલો ફૂલ થઈ ગઈ, દરેક વસ્તુઓના ભાવો બમણા થઈ ગયા

દહેરાદુન,

કોરોનાકાળ સમયમાં સતત બે વર્ષ સુધી બંધ રહેલ ચારધામ યાત્રા ફરી શરૂ થતાંજ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યુ છે અને હરિદ્વારથી કેદારનાથ સુધી હોટેલો-ધર્મશાળા ફુલ થઈ જતા અનેક લોકો ડબલ ભાડા ભરવા છતાં રૂમ મળવો મુશ્કેલ બન્યો છે, જ્યારે હરિદ્વારથી કેદારનાથ જવા વાહન ન મળતાં યાત્રાળુ ફસાયા હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ વસ્તુઓના ભાવ બમણા થઈ ગયા છે પણ ભાવિકો જે વ્યવસ્થા મળે તે રીતે કેદારનાથ પહોંચવા આગળ વધી રહયા છે. કેદારનાથમાં હાલ સરકારી ગાઈડ લાઈન મુજબ રોજના ૧૦ હજાર માણસોના દર્શનની કરવાની પરમિશન સામે ૩૦ હજારથી વધુ લોકો દર્શન માટે આવતા ૩ કિમી સુધી લાંબી લાઈનો લાગી છે અને અનેક ભક્તોને બહારથી દર્શન કરી પરત જવાનો વખત આવ્યો છે. દર્શનાર્થીઓના જણાવ્યા મુજબ કેદારનાથમાં ૨ હજાર લોકો માટે રહેવાની જગ્યા સામે મોટી સંખ્યામાં લોકો પહોંચતાં રાત્રી રોકાણની મુશ્કેલી ઉભી થઈ છે. બપોરે ૨ વાગ્યા પછી ઉપર જવાનો રસ્તો સ્થાનિક પ્રશાસન બંધ કરી દેતા હોય ભકતોની મુશ્કેલીઓ વધી છે. રુદ્રપ્રયાગ, ગુપ્તકાશી સહિત તમામ સ્થળોની હોટલોમાં ડબ્બલ ભાડા હોવાછતાં જગ્યા મળતી નથી. હાલમાં હોટલનું ભાડું રૂા.૧૫૦૦ થી વધીને રૂા. ૪૦૦૦ કરી દેવાયું છે જ્યારે હરિદ્વારથી ગાડીના રૂા.૪૦૦૦ થી વધીને રૂ ૮૦૦૦ કરી દેવાયા છે.

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# સંતરામપુર પાલિકાએ દિવાળી પછી રસ્તા રીપેરીંગ માટે ૪૦ લાખનો ખર્ચ કર્યા છતાં રસ્તાઓની હાલત ઠેરની ઠેર


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
કોના બાપની દિવાળી સંતરામપુર નગરપાલિકા ચોમાસા પછી ચાલુ વર્ષ દરમિયાન રસ્તા રીપેરીંગ માટે રૂપિયા ૪૦ લાખનો ખર્ચો પડચો પરંતુ તપાસનો વિષય બન્યો સંતરામપુર નગરપાલિકા દ્વારા લગન ના અલગ અલગ વિસ્તારમાં રસ્તા રીપેરીંગ માટે અને ખાડા પૂરવા માટે કોન્ટ્રાક્ટરને કોન્ટ્રાક્ટ આપવામાં આવેલો હતો, પરંતુ નગરપાલિકા નગરપાલિકાના વિસ્તારમાં સ્થાનિક રહીશોને અને નાગરિકોને રીપેરીંગ કરે રસ્તાઓ અને ખાડાઓ પુરીયા હોય મેં રીપેરીંગ કર્યા હોય તો દેખાય. સંતરામપુર નગરપાલિકા રૂપિયા ૪૦ લાખ રૂપિયા નગરપાલિકામાં રીપેરીંગમાં ખર્ચો પાડચો છે. સરકાર દ્વારા મહિસાગર જિલ્લાના સંતરામપુર નગરપાલિકાના નાગરિકો માટે પ્રાથમિક સુવિધા પૂરી મળે તેના હેતુથી ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોય છે, પરંતુ નગરપાલિકાનું મંત્ર માત્ર વિકાસ અને કામગીરી કાગળ ઉપર જવાય છે. જો સંતરામપુર નગરપાલિકા રીપેરીંગ કામ કર્યુ હોય તો તો ખાડા કેમ છે. સંતરામપુર સ્થાનિક રહીશોનો અને નાગરિકોનો અનેક સવાલો અને ચર્ચાનો વિષય બન્યો નગરપાલિકાના આશરે ચાર વર્ષ પુરા થવા એવા નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીની પ્રમુખ ઉપપ્રમુખ અને આખી બોડી સંતરામપુરના ધારાસભ્ય ભારતીય જનતા પાર્ટીના તેમ છતાંય સંતરામપુર નગર વિકાસના નામે શૂન્ય હજુ પણ સંતરામપુરમાં ખુલ્લી ગટરો સફાઈનો અભાવ ખાડા પડી ગયેલા રસ્તાઓ જાહેર રસ્તા ઉપર કચરાના ઢગલાઓ આ જ પરિસ્થિતિ ઘણા સમયથી જોવાઈ રહેલી છે અને જો સંતરામપુર નગરપાલિકા રીપેરીંગ માટે ૪૦ લાખ રૂપિયા ખર્ચા હોય તો રીપેરિંગની કામગીરી કેમ જોવાતી નથી. ખરેખર ઉચ્ચકક્ષા સુધી નગરપાલિકાની કામોની તપાસ કરવામાં આવે સંતરામપુર નગરપાલિકાનું ઘણું બધું બહાર આવી શકે તેમ છે. છેલ્લા ચાર વર્ષથી નગરના વિકાસ માટે આયોજનમાં મુકેલા કામો માત્ર એક જ કોન્ટ્રાક્ટર કરી રહ્યા છીએ તે પણ યોગ્ય તપાસનો વિષય બન્યો છે. ખરેખર નગરપાલિકા આયોજનપૂર્વક અને નગરના હિતમાં કેટલીક કામગીરી કરી તે ચર્ચાનો વિષય બન્યો છે અને નગરપાલિકા વિકાસ માટે કેટલી જવાબદારી નિભાવી છે તે પણ હવે વિચાર જે બાબત રહી છે.

# શહેરા સહિત સમગ્ર પંચમહાલ જીલ્લામાં ગરમીના ભીષણ પ્રકોપથી જાહેરમાર્ગો સુમસામ : ગરમીથી રાહત મેળવવા લોકો શેરડીના રસ સહીત ઠંડાપીણાનો આશરો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
રાજયમાં કાળઝાળ ગરમીનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. જેને લઈને રાજ્યના મોટા ભાગના શહેરોમાં ગરમીનો પારો વધી રહ્યો છે. ત્યારે પંચમહાલ જીલ્લાના શહેરા સહિત સમગ્ર જિલ્લામાં કાળઝાળ ગરમીને કારણે જીલ્લાવાસીઓ ત્રાહિમામ પોકારી ગયાં છે. સુર્યદેવ જાણે આકાશમાંથી અગનગોળા વરસાવતા હોય તેવો અનુભવ થઇ રહ્યો છે કારણ કે જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. ગરમીને કારણે પશુ પંખી સહિત માનવજાત પણ અકળાઈ ઉઠી છે તો ગરમીને કારણે શહેરા નગરના હાઈવે માર્ગ પણ સુમસામ જોવા મળી રહ્યા છે. ત્યારે કામકાજ વગર લોકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે અને ઘરમાં જ એસી, પંખા તેમજ કુલરનો આશરો લઈ રહ્યા છે. સાથે-સાથે લોકો શેરડીના રસ સહીત ઠંડાપીણાનો પણ આશરો લઈ રહ્યા છે. એક તરફ હાલ લગ્નની સીઝન ચાલી રહી છે. ત્યારે બીજી તરફ લગ્નમાં જાનૈયાઓ સહિત અન્ય કામકાજ અર્થે જતા લોકો મોઢે રૂમાલ, માસ્ક બાંધી ગરમીથી બચવા માટે આશરો લઈ રહ્યા છે, તો ગરમીના કારણે આરોગ્ય પર પણ સીધી અસર પડી રહી છે. જોકે બહારની રેકડી પરની વસ્તુ ખાવા કરતા પાણીદાર તરબુચ તેમજ શક્કર ટેટી જેવા ફળોનો પણ ઉપયોગ કરવાથી ગરમીમાં પણ રાહત મળે છે. ત્યારે ઉનાળાના વેકેશનમાં ગુજરાતના અનેક લોકો જે નજીકના હિલ સ્ટેશનમાં ફરવા જવાનું વધારે પસંદ કરે છે. મહત્વનું છેકે રાજ્યમાં સતત વધતા ગરમીના પ્રમાણ વચ્ચે હજી પણ આગામી દિવસોમાં ગરમીમાં વધારો થશે તેવી શકયતાઓ વર્તાઈ રહી છે.

# શ્રીનાથ ટ્રાવેલ્સની બસમાંથી કરોડો રૂપિયાની ચાંદીની ઈંટો તેમજ દાગીના મળ્યા

અમદાવાદ,
ગુજરાતના રસ્તાથી રાજસ્થાનમાં તસ્કરીના મામલાઓ સતત વધતાં જઈ રહ્યા છે. ઉદયપુર પોલીસે અમદાવાદથી ઉદયપુર સહિત અન્ય જગ્યાઓ પર સપ્લાય થતી ચાંદીની ઈંટો સહિત ચાંદીના દાગીના જપ્તકર્યા છે. પોલીસે અમદાવાદથી ઉદયપુર આવી રહેલી શ્રીનાથ ટ્રાવેલ્સનીબસને અટકાવીને ડ્રાઈવર પાસેથી તેમાં મુકેલાં પાર્સલની જાણકારી મેળવી હતી.

જો કે, ડ્રાઈવર સંતોષકારક જવાબ ન આપી શકતા પોલીસ બસ અને ડ્રાઈવરને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી અને બસમાં રાખેલાં પાર્સલની ગણતરી કરી તો, તેમાં ૧૦૫ પાર્સલ મળી આવ્યા હતા. આ પાર્સલમાં ચાંદીની ઈંટો હતી, જેનું વજન ૫૦ કિલો હતું. આ ઉપરાંત ચાંદીના દાગીના હતા, જેનું વજન ૭૨ કિલો હતું. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

ગોવર્ધન વિલાસ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું કે, બલીચા બાઈપાસની પાસે નાકાબંધી દરમિયાન પોલીસના જવાનો ગાડીઓનું ચેકિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન પોલીસે શ્રીનાથ ટ્રાવેલ્સની બસને અટકાવી હતી. જે અમદાવાદથી આવી રહી હતી. પોલીસે બસ રોકીને તેની તલાશી લીધી હતી, તો જાણવા મળ્યું કે, બસમાં અનેક પાર્સલ ભરેલાં છે. જે બાદ પોલીસકર્મીઓને શંકા જતાં બસની કેબિનમાં રાખેલાં પાર્સલને ખોલીને જોયા હતા. તો તેમાં ચાંદીની ઈંટો મળી આવી હતી. જેના પર પોલીસે ડ્રાઈવરની પૂછપરછ કરી તો તે જવાબ આપી શક્યો ન હતો. જે બાદ પોલીસ બસને પોલીસ સ્ટેશન લઈ આવી હતી.

પોલીસે જણાવ્યું કે, બસને ગોવર્ધન વિલાસ પોલીસ સ્ટેશન લાવ્યા બાદ ડ્રાઈવરની પૂછપરછ કરવામાં આવી હતી. તેમાં તેણે જણાવ્યું કે, અમદાવાદથી આ પાર્સલ ચઢાવવામાં આવ્યા હતા. તેને ઉદયપુર, નાથદ્વારા સહિત અન્ય જગ્યાઓ પર સપ્લાય કરવાના હતા. પણ પાર્સલની અંદર શું હતું તેની જાણકારી ડ્રાઈવર પાસે ન હતી. પોલીસ હવે પાર્સલ જ્યાં ડિલિવર કરવાના હતા તે જગ્યાઓ પર જઈને પૂછપરછ કરશે, જ્યાંથી આ પાર્સલને ચઢાવવામાં આવ્યા હતા.

ઉદયપુરની ગોવર્ધન વિલાસ પોલીસે જ્યારે આટલી મોટી માત્રામાં ચાંદીની ઈંટો અને દાગીના જોયા તો તેમના હોંશ ઉડી ગયા હતા. ચાંદીની ઈંટો અને આભૂષણોની કિંમત કરોડો રૂપિયામાં હોવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. પોલીસે હવે એ મામલે તપાસ શરૂ કરી છે કે, આટલી મોટી માત્રામાં કોણે ચાંદીની ઈંટો મંગાવી, ઉદયપુરમાં તે કોને પાર્સલ કરવાની હતી, આ ઉપરાંત કોણે આ ચાંદીની ઈંટો તેમજ દાગીના મોકલાવ્યા હતા.

(પાન નં.૧ નું ચાલુ)

## આર્થિક સંકટ અને હિંસા.....

૯ એપ્રિલથી હજારો પ્રદર્શનકારીઓ સમગ્ર શ્રીલંકામાં રસ્તાઓ પર ઉતરી આવ્યા છે અને પ્રમુખ ગોટાબાયા અને વડાપ્રધાન મહિન્દાના રાજીનામાની માંગણી કરી રહ્યા છે, કારણ કે સરકાર પાસે મહત્વપૂર્ણ આયાત માટે નાણાંનો અભાવ છે; આવશ્યક ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે અને ઈંધણ, દવાઓ અને વીજળીના પુરવઠામાં તીવ્ર અછત છે. ૬ મેના રોજ એક વિશેષ કેબિનેટ બેઠકમાં રાષ્ટ્રપતિ ગોટાબાયાએ કટોકટીની સ્થિતિ જાહેર કરી હતી. માત્ર એક મહિનામાં શ્રીલંકામાં આ બીજી વખત ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. ગત સપ્તાહે મુખ્ય વિપક્ષી નેતા સિરિસેનાએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી, જેમાં નક્કી થઈ ગયું હતું કે વડાપ્રધાન મહિન્દા રાજપક્ષે રાજીનામું આપશે. એ બાદ વચગાળાની સરકાર બનશે. બીજી બાજુ, શ્રીલંકાના અનેક વિસ્તારોમાં પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે હિંસક અથડામણના સમાચાર સામે આવી રહ્યા છે. ત્યારે મહિન્દા રાજપક્ષેના રાજીનામા બાદ આ હિંસક દેખાવનો ખતરો વધી ગયો છે. હકીકતમાં તેમના મોટા ભાઈ અને રાષ્ટ્રપતિ ગોતાબાયા રાજપક્ષે નહોતા ઈચ્છતા કે મહિન્દા રાજપક્ષે રાજીનામું આપે, પરંતુ વિપક્ષની માગ સામે તેમને ઝૂકવું પડ્યું. બીજી બાજુ, તેમને પોતાના સમર્થકોને રસ્તા પર ઉતારી દીધા છે. હવે રાજપક્ષે ભાઈઓના વિરોધીઓ અને સમર્થકો વચ્ચે દેશના અનેક વિસ્તારોમાં હિંસક અથડામણ શરૂ થઈ ગઈ છે. કોલંબોમાં પ્રદર્શન કરી રહેલા લોકો અને પોલીસ વચ્ચે અથડામણ થઈ, જેને રોકવા પોલીસે ટિયરગેસના સેલ છોડ્યા.આ પહેલાં રાજપક્ષેએ ટ્વીટ કર્યું હતું કે "શ્રીલંકામાં ભાવનાઓનું પૂર જોવા મળી રહ્યું છે, એવામાં હું લોકોને સંયમ રાખવા અને એ વાત યાદ રાખવાની અપીલ કરું છું કે હિંસાથી માત્ર હિંસા જ ફેલાશે. આર્થિક સંકટનો સામનો કરવા આર્થિક સમાધાનની જરૂરિયાત છે, જેના ઉકેલ માટે આ પ્રશાસન પ્રતિબદ્ધ છે."આર્થિક સંકટનો સામનો કરી રહેલા શ્રીલંકામાં અધિકારીઓએ સોમવારે કર્ફ્યૂ લાગૂ કરી દીધુ છે. સરકાર સમર્થક જૂથો દ્વારા રાષ્ટ્રપતિ ગોટબાયાની ઓફિસ બહાર પ્રદર્શનકારીઓ પર હુમલો કર્યા બાદ રાજધાનીમાં સેનાના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. આ હુમલામાં ૨૩ જેટલા લોકોને ઈજા થઈ હતી. એક પોલીસ પ્રવક્તાએ કહ્યુ કે, આગામી નોટિસ સુધી તત્કાલ પ્રભાવથી દેશભરમાં કર્ફ્યૂ લાગૂ કરી દેવામાં આવ્યું છે. રાજીનામું આપતાં પહેલાં રાજપક્ષેએ કહ્યું હતું કે તેઓ જનતા માટે કોઈપણ બલિદાન આપવા માટે તૈયાર છે. તેમના આવાં નિવેદનથી તેવી અટકળોએ જોર પકડ્યું હતું કે રાજપક્ષે આજે રાજીનામું આપી દેશે.

# મધ્યપ્રદેશમાં આઈઆઈએમ-આઈઆઈટી અને મેડિકલની પૂરેપૂરી ફી હવે સરકાર ભરશે

ભોપાલ,
રાજ્ય સરકારે એક મોટી જાહેરાત કરી છે. જે મુજબ હવે રાજ્યની દીકરીઓની મેડિકલ, આઈઆઈએમ અને આઈઆઈટીની માતબાર ફી પૂરેપૂરી સરકાર ભરશે. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આ જાહેરાત કરી. તેનાથી વિદ્યાર્થીનીઓને પોતાનું ભવિષ્ય ચમકાવવામાં મદદ મળશે. રાજ્યના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જાહેરાત કરતા કહ્યું કે એમપી સરકાર દીકરીઓની મેડિકલ, આઈઆઈટી, આઈઆઈએમ કે અન્ય કોઈ પણ સંસ્થામાં પ્રવેશ લેવા માટે પૂરી ફી ફરશે. તેમણે કહ્યું કે લાડલી લક્ષ્મી યોજનાના ચમત્કારના પ્રતાપે રાજ્યમાં દીકરીઓનો ગુણોત્તર વધ્યો છે અને સંખ્યા ૯૫૬ પર પહોંચી છે. મુખ્યમંત્રીએ આ સાથે કહ્યું કે ડોક્ટર બનવા માટે પ્રાઈવેટ મેડિકલ કોલેજમાં ૭થી ૮ લાખ રૂપિયા ફી લાગે છે. મેડિકલ, આઈઆઈટી, આઈઆઈએમ કે કોઈ પણ સંસ્થામાં પ્રવેશ માટે લાડલી લક્ષ્મીની સંપૂર્ણ ફી રાજ્ય સરકાર ભરશે. ૧૨મું ધોરણ પાસ કરીને કોલેજમાં પ્રવેશ લેતી છોકરીઓને ૨૫ હજાર રૂપિયા બે હપ્તે અપાશે. અત્રે જણાવવાનું કે પાટનગર ભોપાલના લાલ પરેડ મેદાન પર લાડલી લક્ષ્મી ઉત્સવ દ્વારા યોજના ૨.૦ કાર્યક્રમનો આરંભ કરાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે દીકરીઓના ચહેરા પર હાસ્ય જોઈને મારું જીવન સફળ થાય છે. પ્રદેશમાં હાલ ૪૨ લાખ ૧૪ હજાર લાડલી લક્ષ્મી દીકરીઓ છે. તેમણે આ સાથે એમ પણ કહ્યું કે અમે લાડલી ઈ-સંવાદ એપ બનાવી છે. જેથી કરીને જરૂર પડ્યે મારી સાથે દીકરીઓ સીધો સંવાદ કરી શકે.

# સંતરામપુરના ધારાસભ્ય ખોવાયા છે તેવા પોસ્ટરો લાગ્યા

સંતરામપુર,
ગુજરાત રાજ્યમાં ચૂંટણીની જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. દરેક પાર્ટી હાલમાં ચૂંટણી જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે. ત્યારે જનતા પણ હવે જાગૃત બની છે. ત્યારે સંતરામપુર જેવા આદિવાસી વિસ્તારમાં પણ લોકોમાં ચૂંટણીને લઈને જાગૃતિ જોવા મળી રહી છે. સંતરામપુરમાં ઠેરઠેર પોસ્ટરો જોવા મળી રહ્યા છે જેમાં લખેલું છે કે ધારાસભ્ય ખોવાયા છે વિકાસથી વંચિત જનતા હવે ચૂંટણી પ્રત્યે પોતાની નારાજગી વ્યક્ત કરી રહી છે તો સાથે પોતે ચૂંટીને મોકલેલા ધારાસભ્ય છેલ્લા પાંચ વર્ષમાં કોઈ વિકાસના કાર્યો નહીં કરેલા હોવાથી તેમની સામે નારાજગી વ્યક્ત કરવા ઠેર ઠેર પોસ્ટર્સ લગાવવામાં આવ્યા છે. ધારાસભ્ય ખોવાયા છે સંતરામપુરમાં ખોવાયેલા ધારાસભ્ય કુબેર કોઈને મળે તો જાણ કરજો લી. એક જાગૃત નાગરિક 'લખાણ સાથેના પોસ્ટર સમગ્ર શહેરમાં લગાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે આ પોસ્ટર કોણે લગાવ્યા છે હાલ સમગ્ર સંતરામપુરમાં ચર્ચાનો વિષય બન્યો છે તો આવા બેનરો લગાવવાની જરૂર શા માટે પડી શું ? ધારાસભ્ય જનતાનો વિશ્વાસ ખોઈ બેઠા છે અનેક પ્રશ્નો આ પોસ્ટર પરથી ઉપસ્થિત થઈ રહ્યા છે. ધારાસભ્યો ગાયબ થયા હોવાની તસવીરો હવે અવારનવાર વિવિધ જગ્યાએ જોવા મળે છે. જેને લઈ ગુજરાતના રાજકીય જગતમાં પણ ખળભળાટ મચી ગયો છે. કારણ કે ગુજરાતના જેટલા પણ ધારાસભ્યો ગાયબ હોવાની તસવીરો સામે આવી છે તે તમામ નેતાઓ કદાવરની શ્રેણીમાં આવે છે.

# મોરવા(હ)ના ખાવડા ગામેથી બોલેરોમાં લઈ જવાતો ૪૨ હજારના દારૂ સાથે ૪ ઈસમોને ઝડપ્યા

મોરવા(હ),
ગોધરા એલ.સી.બી.પોલીસને બાતતમી મળી હતી કે, મોરવા(હ)ના ખાવડા ગામ તરફ બોલેરો ગાડીમાં એમ.પી. દારૂનો જથ્થો લવાઈ રહ્યો છે અને ઈકો ગાડીમાં આગળ પાયલોટીંગમાં નીકળેલ છે. તેવી બાતમીના આધારે નાકાબંધી કરી બોલેરો ગાડી અને ઈકો ગાડી ઝડપી ૪૨,૨૪૦/-રૂપીયાનો દારૂનો જથ્થો જપ્ત કર્યો.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, એમ.પી.થી બોલેરો ગાડી નંબર એમપી.બીબી.૧૪૧૧ માં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ ભરીને મોરવા(હ)ના ખાવડા ગામ તરફ આવી રહ્યો છે અને દારૂ ભરેલ વાહનની આગળ ઈકો ગાી નંબર જીજે.૨૦.એ.૪૯૩૩માં પાયલોટીંગ નીકળેલ છે. તેવી ચોકકસ બાતમીના આધારે પોલીસે નાકાબંધી કરી હતી અને બોલેરો ગાડી અને ઈકો ગાડીને રોકી હતી બોલેરો માંથી માઉન્ટ ૬૦૦૦ સુપર બીયર પેટી નંગ-૨૨ કિંમત ૪૨,૨૪૦/-રૂપીયા, મોબાઈલ ફોન મળી ૪,૦૭,૨૪૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે કૈલાશભાઈ વિચ્છીભાઈ વસુનીયા, પ્રકાશ વલ્લુભાઈ ભુરીયા, રાજેશ બચુભાઈ વસુનીયા, મનહર કાન્તીભાઈ પટેલને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે મોરવા(હ)પોલસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# આસારામ સામે વધુ એક કેસ, ગુજરાત હાઈકોર્ટનો આદેશ-૬ મહિનામાં ટ્રાયલ પૂરી કરો

ગાંધીનગર,
કથાવાચક આસારામ અને તેનો દીકરો આજીવન કેદની સજા કાપી રહ્યા છે. બંને બળાત્કારના ગુનામાં છે. આસારામ સામે હવે વધુ એક મહિલાનો કેસ અદાલતમાં ચાલી રહ્યો છે. સૂરતની મહિલાએ આસારામ પર દુષ્કર્મનો કેસ નોંધાવ્યો હતો. ૨૦૧૪થી આ કેસ ગાંધીનગર જિલ્લા અદાલતમાં પેન્ડીંગ છે. હવે હાઈકોર્ટે કહ્યુ છે કે આ કેસની ટ્રાયલ ૬ મહિનામાં પૂરી કરવામાં આવે માટે માનવામાં આવી રહ્યુ છે કે હવે આ કેસ લાંબો નહિ ચાલે. ગુજરાત હાઈકોર્ટે કહ્યુ છે કે આસારામના કેસની ટ્રાયલ પૂરી કરવા માટે હવે છેલ્લી વાર સમય આપવામાં આવી રહ્યો છે. વળી, ટ્રાયલ કોર્ટે ૯ મહિનામાં માંગેલા સમયને ઠુકરાવીને ૬ મહિનામાં પૂરુ કરવાનો આદેશ આપ્યો છે.

જસ્ટીસ એજે દેસાઈએ કહ્યુ છે કે ટ્રાયલને જલ્દી પૂરી કરવા પર જોર રહે. હવે એક વાર પણ સમય સીમા નહિ મળે. ઉલ્લેખનીય છે કે આસારામ રાજસ્થાનના જોધપુરની જેલમાં બંધ છે. તેને એક છાત્રા સાથે દુષ્કર્મ કેસમાં આજીવન કેદની સજા થઈ છે. તેનો દીકરો નારાયણ સાઈ પણ જેલમાં સજા કાપી રહ્યો છે. પિતા-પુત્ર બંનેને મહિલાઓના શોષણમાં જેલ થઈ હતી.

આસારામની પૃષ્ઠિભૂમિ આસારામનુ આખુ નામ આસૂમલ સિરુમલાની છે. ૧૭ એપ્રિલ, ૧૯૪૧ના રોજ આસારામ સિંધ પ્રાંતના નવાબશાહ જિલ્લાના બેરાણી ગામમાં જન્મ્યા હતા. હવે એ જગ્યા પાકિસ્તાનમાં આવે છે. જણાવવામાં આવે છે કે વિભાજન દરમિયાન આસારામનો પરિવાર ભારત આવી ગયો હતો. આસારામના લગ્ન લક્ષ્મી દેવી સાથે કરાવવામાં આવ્યા. જેનાથી બે બાળકો નારાયણ અને ભારતી થયા. આસારામે ઘણા કામ-ધંધા શરુ કર્યા. તે કથાવાચક બની ગયો. ધીમે-ધીમે તેને એટલી પ્રસિદ્ધિ મળી કે તેના દર્શન માટે દેશમાં લાખો ફોલોઅર થઈ ગયા. તેણે ૧૦ હજાર કરોડનુ સામ્રાજ્ય ઉભુ કરી દીધુ.

# છેલ્લા ૧૫ વર્ષથી દીવ નગરપાલિકામાં શાસન કરી રહેલી કોંગ્રેસે સત્તા ગુમાવી



દીવ,
છેલ્લા ૧૫ વર્ષથી દીવ નગરપાલિકામાં શાસન કરી રહેલી કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. પાર્ટીના કુલ ૯ કાઉન્સિલરોમાંથી ૭ કાઉન્સિલરો શનિવારે ભારતીય જનતા પાર્ટીનું દામન પકડી લીધું. કાઉન્સિલરો ઉપરાંત ડઝનબંધ સમર્થકોએ પણ ભાજપની સાથે જવાનો નિર્ણય કર્યો છે. તાજેતરના પક્ષપલટા પછી નગરપાલિકામાં કોંગ્રેસની બેઠકોની સંખ્યા ઘટીને માત્ર બે થઈ ગઈ છે.

દીવના ઘોઘલા ખાતે યોજાયેલી જાહેરસભામાં કોંગ્રેસના સાત કાઉન્સિલરો હરીશ કાપડિયા, દિનેશ કાપડિયા, રવિન્દ્ર સોલંકી, રંજન રાજુ વણકર, ભાગ્યવંતી સોલંકી, ભાવનાગ દુધમલ અને નિકિતા શાહના વિધિવત રીતે ભાજપમાં જોડાઈ ગયા હતા. દાદરા - નગર હવેલી અને દમણ દીવના પ્રભારી અને ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ વિજય રાહટકરે પાર્ટીમાં કાઉન્સિલરોનું સ્વાગત કર્યું હતું. ૬ મહિના પહેલા દાદરા-નગર હવેલી અને દમણ - દીવના વહીવટીતંત્રે કોંગ્રેસ શાસિત દીવ મ્યુનિસિપલ કાઉન્સિલના પ્રમુખ હરીશ સોલંકીને સસ્પેન્ડ કરી દીધા હતા. રાહટકરનું કહેવું છે કે કાઉન્સિલરોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભાજપની 'વિકાસની રાજનીતિ'ને સમર્થન આપવા માટે ભાજપમાં જોડાયા છે.

સાત કાઉન્સિલરોએ પાર્ટી છોડી દેતાં કોંગ્રેસે દીવ મ્યુનિસિપલ કાઉન્સિલમાં બહુમતી ગુમાવી છે. વર્ષ ૨૦૦૭માં પાર્ટીએ અહીં ચૂંટણી જીતી અને ૨૦૧૨, ૨૦૧૭માં પણ સફળતા દોહરાવી હતી. ૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસે ૧૩માંથી ૧૦ બેઠકો જીતી હતી. જ્યારે ભાજપના ખાતામાં માત્ર ૩ સીટો આવી શકી. હાલમાં હિતેશ સોલંકી અને તેમના ભાઈ જીતેન્દ્ર સોલંકી જ કોંગ્રેસના કાઉન્સિલર તરીકે છે. ઉપપ્રમુખ રહેલા મનસુખ પટેલનું ગયા વર્ષે નવેમ્બરમાં મોત થયું હતું.

સોલંકીએ કોંગ્રેસના કાઉન્સિલરોના પક્ષ પરિવર્તન માટે પટેલને ઘેર્યા હતા. તેમણે કહ્યું હતું કે, '૨૦૧૭માં જ્યારે તેમની નિમણૂક પ્રશાસક તરીકે થઈ ત્યારથી દીવનું રાજકારણ બદલાઈ ગયું છે. કાઉન્સિલરોએ મને જાણ કરી કે તેમના પર પક્ષ બદલવા અથવા પરિણામ ભોગવવા દબાણ કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું છે કે એમની પાસે પ્રશાસક અને ભાજપાની વિરુદ્ધ લડવાની તાકાત નથી, જે રીતે હું લડી રહ્યો છું. આવી સ્થિતિમાં તેમની પાસે કદાચ ભાજપમાં જોડાવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. મહત્ત્વની બાબત એ છે કે સોલંકીને પ્રમુખ પદેથી હટાવ્યા બાદ તેમને યુટીમાં સિવિક બોડી માટે એડમિનિસ્ટ્રેટર નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમજ પ્રમુખ અને ઉપાધ્યક્ષ પદ માટે હજુ ચૂંટણી યોજાઈ નથી.

# દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩,૨૦૭ કેસ

નવીદિલ્હી,
આજે દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩,૨૦૭ કેસ નોંધાયા છે, જે ગઈ કાલ કરતા ૭ ટકા ઓછાં છે. જાહેર કરાયેલા આંકડા અનુસાર છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના કારણે ૨૯ લોકોના મોત થયા છે. આ સાથે દેશમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક ૫,૨૪,૦૯૩ એ પહોંચી ગયો છે. હાલમાં દેશમાં કોરોનાના કુલ ૨૦,૪૦૩ એક્ટિવ કેસ છે. જ્યારે છેલ્લાં ૨૪ કલાકમાં ૩,૪૧૦ લોકો કોરોનામાં સ્વસ્થ થયા છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૪૨,૫૬૦,૯૦૫ લોકો કોરોનાથી સાજા થયા છે. દેશમાં કોરોના સામે ૯૮.૭૪ ટકા દર્દી સ્વસ્થ થયા છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૯૦,૩૪,૯૦,૩૯૬ લોકોએ કોરોના વેક્સિન લઈ લીધી છે. આજ રોજ છેલ્લાં ૨૪ કલાકમાં ૧૩,૫૦,૬૨૨ લોકોને કોરોનાના ડોઝ આપવામાં આવ્યા.

દેશની રાજધાની દિલ્હીમાં છેલ્લાં કેટલાંય દિવસોથી કોરોનાના એક હજારથી વધુ કેસો સામે આવી રહ્યાં છે. ઓડિશાના રાયગઢ જિલ્લામાં બે હોસ્ટેલમાં રહેતા ૬૪ વિદ્યાર્થીઓ કોરોનાથી સંક્રમિત જોવા મળ્યા છે. દરમિયાન, રવિવારે રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૭૧ કેસ નોંધાયા છે.

# અમદાવાદીઓને આગામી દિવસોમાં પણ ગરમીમાંથી કોઈ રાહત નહીં મળે

અમદાવાદ,
એપ્રિલ બાદ મે મહિનો પણ કાળઝાળ ગરમીમાં પસાર થઈ રહ્યો છે. જોકે, આગામી દિવસોમાં પણ ગરમીમાંથી કોઈ રાહત નહીં મળે. ખાસ કરીને અમદાવાદને લઈને એક ચેતવણી જાહેર કરવામાં આવી છે. ગુજરાતમાં હજુ પણ ૬ દિવસ કાળઝાળ ગરમીની આગાહી કરાઈ છે. અમદાવાદમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રી સુધી જઈ શકે છે. જેને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયુ છે. સમગ્ર રાજ્યભરમાં કાળઝાળ ગરમીની હવામાન વિભાગ તરફથી આગાહી કરવામાં આવી છે. જેમાં અમદાવાદમાં ૪૪થી ૪૫ ડિગ્રી સુધી તાપમાન જઈ શકે છે. ત્યારે રવિવારે ૪૪ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર અમદાવાદ રહ્યું છે. આ કાળઝાળ ગરમીથી અમદાવાદીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. બંગાળની ખાડીમાં લૉ પ્રેશરથી ગરમ અને સૂકા પવન ફૂંકાવવાના લીધે ગરમીમાં વધારો નોંધાયો છે..આ દરમિયાન ઉત્તર-પશ્ચિમના ગરમ પવનો ફૂંકાશે જેનાથી અમદાવાદમાં ફરી ગરમીનો પારો ૪૫ ડિગ્રી સુધી પહોંચી શકે છે, જેના કારણે હીટવેવથી સાવધાન રહવું જરૂરી છે. બીજી તરફ, અસાની વાવાઝોડાએ દેશમા દસ્તક આપી છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમને યાદગાર ક્ષણો આપશે. તમને કોઈ ભેટ અથવા સન્માનનો લાભ મળશે. આર્થિક મામલામાં આજે કોઈ પણ પ્રકારે દબાણ ના કરો. તમારી બધી આયોજિત યોજનાઓની પૂર્તિમાં શંકા રહેશે, પરંતુ તમે પૂર્ણ કરેલા બધા કાર્યોથી સંતોષકારક લાભ મેળવશો.

વૃષભ : આજે તમારા સ્વભાવમાં આળસ અને બેદરકારી બંને હોવાને કારણે આસપાસના લોકોને અગવડતા નડી શકે છે. લોકો સ્વાર્થ માટે તમારી સાથે સારું વર્તન કરશે, પછી તમને દોષી ઠેરવશે, તો પણ આ ધ્યાનમાં લીધા વિના તમે તમારામાં ખુશ રહેશો.

મિથુન : આજે તમે જે પણ કાર્ય કરશો તે સરળ બનશે. નકામી વસ્તુઓમાં સમય બગાડશો નહીં. નોકરિયાત લોકો અધિકારીઓના રોષનો ભોગ બની શકે છે. માથાનો દુ:ખાવો સિવાય સ્વાસ્થ્ય સામાન્ય રહેશે. બિનજરૂરી ખર્ચામાં ઘટાડો કરવો ખૂબ જ જરૂરી છે, નહીં તો આર્થિક સંતુલન બગડશે.

કર્ક : રોજગારીની દિશામાં પણ સફળતા મળશે. જરૂરી કાર્યોને પ્રાથમિકતા આપો. તમે ક્ષેત્રમાં અન્ય લોકોનો સહકાર લેવામાં સફળ થશો. નજીકની મુસાફરી કરવાની બાબતને મુલતવી રાખવામાં આવશે. આજે તમે પરિવાર અને મિત્રોની ભાવનાઓને સમજી શકશો.

સિંહ : પારિવારિક જીવન આનંદકારક રહેશે. પરિવારના સભ્યો જરૂરી સામગ્રીની યાદી બનાવીને તમને થોડા સમય માટે મૂંઝવણમાં મૂકશે. વિદ્યાર્થીઓ બૌદ્ધિક અને માનસિક ભારથી મુક્તિ મેળવશે. ઘરે અથવા કાર્યસ્થળે પૈસા અંગે કોઈની સાથે વિવાદ થઈ શકે છે.

કન્યા : આજે તમારા સાથીદારોમાં તમારી લોકપ્રિયતા વધશે. રાજદ્વારી સાથે નિકટતા અને મિત્રતા રહેશે અને તેના અનુભવથી તમને ફાયદો થશે. વિદ્યાર્થીઓએ અભ્યાસ માટે વધુમાં વધુ સમય આપવો જોઈએ. પૈસાના વ્યવહારમાં સાવચેત રહેવું. પરિવાર અથવા તમારા સ્વાસ્થ્યમાં ઘટાડો થશે.

તુલા : આજનો દિવસ તમારા માટે સારો રહેશે. દિવસના પહેલા ભાગમાં તમે જે પણ યોજના બનાવો છો તે બપોર સુધીમાં તમે પૂર્ણ કરી લેશો, પરંતુ આજે કોઈની સહાય પૈસા સંબંધિત લાભો મેળવવા માટે જરૂરી રહેશે, તેથી સ્વભાવમાં નરમ બનો. કોઈ પણ અપેક્ષિત શુભ પરિણામથી ખુશી મળશે.

વૃશ્ચિક : આજની સ્થિતિ હાનિકારક બની રહી છે, ઘરે અને બહાર વિનમ્ર રહી કામ કરો, નહીં તો જ્યાંથી તમે નફાની અપેક્ષા કરો છો ત્યાં તમને અચાનક નિરાશ થવું પડી શકે છે. આજે તમે વધારે મહેનત કરવા તૈયાર નહીં રહો. તમે આનંદ અને શોખ માટે તૈયાર રહેશો.

ધનુ : છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી માનસિક દુવિધામાં આજનો દિવસ તમને રાહત આપશે. દિવસની શરૂઆતમાં કાર્ય વ્યવસાયમાં દિલાસો આપનારા સમાચાર પ્રાપ્ત થશે, તેમ છતાં નાણાકીય રોકાણો કરતા પહેલા સાવધાનીપૂર્વક વિચારો, પૈસામાં ફસાઈ જવાની સંભાવના છે.

મકર : આજનો દિવસ મિશ્રિત અસર કરશે. તમે આજે કામના ભારણને પણ થોડું વધારે અનુભવશો. કોઈ પણ સંજોગોમાં ઉતાવળમાં નિર્ણય ના લો. તમારા જુનિયરથી કામ મેળવવા માટે તમારે પ્રેમથી કામ શોધી કરાવવું જોઈએ. વ્યાવસાયિક બાબતો વચ્ચે વ્યક્તિગત ભેદ લાવવાથી નુકસાન થઈ શકે છે.

કુંભ : આજે અન્ય દિવસોની તુલનામાં પરિવારનું વાતાવરણ શાંત રહેશે. કોઈ પર ભાર મૂકવાનો પ્રયાસ ના કરો, અશાંતિ ફેલાઈ શકે છે. જૂના મિત્રોની મુલાકાતથી નવી આશાઓનો સંચાર થશે, સ્વાસ્થ્ય નરમ રહેશે. બીજાની મદદ કરવાથી દિલાસો મળશે.

મીન : આજે સવારથી ઘર અને કાર્યસ્થળમાં મહત્વપૂર્ણ કામ માટે ધસારો રહેશે. કોઈ શુભ કે ધાર્મિક કાર્યક્રમની વ્યવસ્થામાં વ્યસ્ત રહેશો. જ્યારે બધા કામ સરળતાથી થઈ જાય, ત્યારે તમને પિતા અને ઉચ્ચ અધિકારીઓ તરફથી પ્રશંસા મળશે. તમને આજે પણ તમારી સારી કાર્યકારી શૈલી અને નરમ વર્તનનો લાભ મળશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દે.બારીયાના ભે દરવાજા વિસ્તારમાં ગેસ પાઈપનું ખોદકામ કાર્ય શરૂ થતા ટ્રાફિક જામના દ્રશ્યો



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે. બારીયા શહેરમાં ગેસ પાઈપ લાઈન થી ગેસ મળશે તે માટેનું ઉદ્દઘાટન પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડના દ્વારા થોડા સમય પહેલા થવા પામ્યો હતો. જે અંગેનું ખોદકામ કાર્ય હાલમાં શરૂ કરાતા ભે દરવાજા સ્ટેટના સમયનો દ્વારા છે. જેને હાલમાં નગર પાલિકાના થકી સમારકાર્ય પણ કરવામાં આવ્યું હતું. આ ભે દરવાજા સ્ટેટ સમયનો હોય તેને હેરીટેઝ સમારકામમાં સમાવેશ થયેલો છે. જેને નુકશાની ના પહોંચે તેની તકેદારી નગર પાલિકા વહીવટી તંત્રની આવે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરમાં રાંધણ ગેસ હાલમાં બોટલીંગના દ્વારા મળેલ છે. જેથી ઘર ઘર જલની યોજના સાકાર થઈ તે મુજબની ગુજરાતની ગતીશીલ સરકારે ઘર ઘર ગેસની સુવિધા શહેરવાસીઓને આપવા માટે ગેસ પાઈપ લાઈનનું ખોદકાર્ય શરૂ કરાતા તા.૭/૫/૨૦૨૨ શનિવારે ભે દરવાજા રોડ જે સ્ટેટ હાઈવે રોડ હોય પાવાગઢ તથા છોટાઉદેપુર જતા વાહનો ચાલકો માટે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. લાંબી લાંબી કતારોમાં ટ્રાફિક જામ દ્રશ્યો હતો. પો પણ દે.બારીયા શહેરની ટ્રાફિક પોલીસ દેખવા મળી ન હતી. જેથી વાહનો ધીમી ગતિએ આગળ વધતા કલાકોનો સમય વેડફાયો હતો. જો આવા સમયે ટ્રાફિક પોલીસ નિયંત્રણ મેળવી લેતી તો આ ટ્રાફિક જામના ચુંગાલ થી અવરજવર કરતા વાહન ચાલકોને છુટકારો વહેલા મળી શકતો હતો. આ ટ્રાફિક પોલીસ તો દુર દુર સુધી જોવા મળી ન હતી. આવા સમયે ટ્રાફિક પોલીસ કયા ગઈ હતી શું ? વાહન ચાલકો જે રેતીના ડમ્પરવાળ પાસે ગેરકાનુની નાણાં ઉઘરાવવામાં જ રસ છે. આ લાગતા વળગતા અધિકારીઓ આવા ફરજ પ્રત્યે બેદરકારી કરતા ટ્રાફિક કર્મીઓનો જવાબ માંગે તેવું આમ જનતાની માંગ ઉઠવા પામી છે.

## દે.બારીયા તાલુકાના ગામડામાં પર્યાવરણને નુકશાન પહોંચાડી ગેરકાયદેસર રીતે ધમધમતા ઈંટ ભટ્ટા

દે.બારીયા,

દે.બારીયા તાલુકામાં ઠેર ઠેર ઈંટોના ભટ્ટા ગેરકાયદેસર રીતે ધમધમતા હોવાની ચર્ચાએ મોટુ જોર પકડ્યું છે. દેવગઢબારીયા શહેરની નજીકના ગામડામાં ખેડૂતોની ખેતીની જમીનમાં માટી કાઢવાના બહાને ઈંટો પાડવાની શરૂઆત કરનારા કેટલાક પરપ્રાંતિઓ ખેડૂતોની જમીન સસ્તા દરમાં ભાડા પટ્ટે લઈ ઈંટોના ભોંય ભટ્ટા તો ઠીક પરંતુ ચીમની ભટ્ટા પણ ખેતીની જમીનમાં બનાવી દેવામાં આવ્યા હોવાની માહિતી મળી છે.

ખાનગી સૂત્રો માંથી મળતી માહિતી મુજબ દેવગઢ બારીયા તાલુકામાં આઠ થી દસ જેટલાં ઈંટોના ચીમની ભટ્ટા કાયદેસર રીતે મંજૂરી લઈ ચલાવવામાં આવી રહ્યા છે. જયારે બાકીના ઈંટ ભટ્ટા કોઈપણ પરવાનગી વગર માંલેતુજારો ચલાવી રહ્યા છે. ઈંટ બનાવવા માટે માટીની જરૂરિયાત ખાસ હોય છે. ત્યારે આ ઈંટ ઉત્પાદકો સરકારની કોઈપણ જાતની પરવાનગી વગર ખેડૂતોના ખેતરો માંથી માટી ખનન કરી લાવી ઈંટ બનાવવા માટે ઢગલા કરી દેતા હોય છે.

દેવગઢબારીયા તાલુકાના ગામડામાં આવા તો કેટલાય ઈંટ ભટ્ટા ચાલી રહ્યા છે કે જે ભટ્ટા માટે ગ્રામપંચાયતમાં કોઈ મંજૂરી પણ લેવામાં આવતી નથી. પીપલોદ માતાના વડ અંતેલા તરફ જવાનાં રોડની નજીક પણ ઈંટોનો ભટ્ટો રાજકીય ઓથ અને કોઈ નિવૃત પોલીસ ઓફિસરના વડપણ હેઠળ ગેરકાયદેસર રીતે ચાલી રહ્યો હોવાનું કહેવાય છે. માટી ખનન માટે સરકારમાં કાયદેસરની રકમ ભરવા પડતી હોય છે. જે પછી માટી ખનન થઈ શકે ત્યારે સરકારની તિજોરીને મોટુ નુકશાન આ ઈંટોનો ધંધો કરનારા કરી રહ્યા છે. વગર મંજૂરીના ઈંટ ભટ્ટા ગામડામાં ધમધમી રહ્યા છે. જેના લીધે પર્યાવરણને પણ મોટુ નુકશાન થતું હોય છે.

દાહોદ જિલ્લા ભુસ્તર વિભાગ દ્વારા ઈંટ ભટ્ટા વાળાને માટી ખનન કરી ક્યાંથી લાવ્યા? કોની પરવાનગી થી માટી કાઢવામાં આવી અને કેટલા ઘનફુટ માટીનું ખોદકામ કર્યું વિગેરે તપાસ કરવું જરૂરી છે. તંત્ર દ્વારા ઈંટ ભટ્ટા ઉપર તપાસ કરવામાં આવે તો કોઈપણ રોયલ્ટી પાસ વગર માટીના મોટા ઢગલા મળી આવશે તે નકકી છે.

આમ, દેવગઢબારીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા ઈંટોના ગેરકાયદેસર ભટ્ટાઓ પર્યાવરણને પણ મોટુ નુકશાન પહોંચાડતા હોય તંત્ર દ્વારા બંધ કરવામાં આવે તેવી પ્રકૃતિપ્રેમીઓની માંગ છે.

## દાહોદના મંડાવમાં કારની ટક્કરે મોટર સાયકલ સવાર બે યુવકો ઘાયલ

દાહોદ,

દાહોદ તાલુકાના મંડાવ ગામે કારની ટક્કરે મોટર સાયકલ સવાર બે યુવકો ઘાયલ થયા હતા. અકસ્માત કરી નાસી ગયેલા ચાલક વિરૂદ્ધ તાલુકા પોલીસ મથકે ગુનો દાખલ કરાયો હતો.

દાહોદ તાલુકાના ધામરડા ગામના પાટ ફળિયામાં રહેતા વિનોદકુમાર રામસિંહ પરમારના સંબંધીઓ મહેશભાઇ બાબુભાઇ પરમાર તથા હિમ્મતભા રતનભાઈ મોહનીયા જીજે-૨૦-એકે-૪૬૮૭ નંબરની મોટર સાયકલ લઈને દાહોદ સરસામાન લેવા માટે નિકળ્યા હતા. તે દરમિયાન મંડાવાવ ચાંદણીયા ફળિયા ચોકડી રોડ પર જીજે-૨૦-એએચ-૪૮૭૪ નંબરની ટીઆગો ગાડીના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મહેશભાઈની મોટર સાયકલને સામેથી ટક્કર મારી અકસ્માત કરી ગાડી મુકી નાસી ગયો હતો. જેમાં મહેશભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા તથા બન્ને પગના સાથળ ઉપરથી ફ્રેકચર થયું હતું. જયારે હિમ્મતભાઈ રતનભાઈ મોહનીયાને કપાળમાં તેમજ છાતીના ભાગે ગેબી ઈજા અને પગે ફ્રેક્ચર થયું હતું. અકસ્માત સર્જાતા નજીકમાંથી લોકો ભેગા થઇ ગયા હતા અને ૧૦૮ને જાણ કરી બોલાવી ઈજાગ્રસ્તોને સારવાર માટે દાહોદ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સંદર્ભે વિનોદકુમાર રામહિંસ પરમારે અજાણ્યા કાર ચાલક વિરૂદ્ધ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## દેવીરામપુરામાં ઘરમાંથી ઈંગ્લિશ દારૂના ૨૦૦ ક્વાટરીયા મળતાં બુટલેગર સામે કાર્યવાહી

દાહોદ,

જાબીર ઉર્ફે ગોપાલ પ્રતાપ નાયક પોલીસને જોઇ ઘર ખુલ્લુ મુકી નાસી ગયો : ૨૬,૦૦૦ રૂ.નો મુદ્દામાલ જપ્ત કરી સાગટાળા પોલીસની કાર્યવાહી.

દેવગઢ બારિયા તાલુકાના દેવીરામપુરામાં ઘરમાંથી ૨૬,૦૦૦ રૂપિયાના ઈંગ્લિશ દારૂના ૨૦૦ ક્વાટરીયા મળી આવતાં પોલીસને જોઇ ઘર ખુલ્લુ મુકી નાસી ગયેલા બુટલેગર વિરૂધ્ધ સાગટાળા પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

દેવગઢ બારિયા તાલુકાના દેવીરામપુરા ગામના દેવી ફળિયામાં રહેતો જાબીર ઉર્ફે ગોપાલ પ્રતાપ નાયક તેના ઘરે ઈંગ્લિશ દારૂનો જથ્થો રાખી વેચાણ ધંધો કરતો હોવાની બાતમી સાગટાળા પી.એસ.આઇ. એ.એ.રાઠવાને મળી હતી. જેના આધારે બાતમી વાળા ઘરે દારૂની રેઈડ કરતાં પોલીસને જોઇ બુટલેગર જાબીર ઉર્ફે ગોપાલ નાયક તેનું ઘર ખુલ્લુ મુકી નાસી ગયો હતો. ઘરમાં તપાસ કરતાં કોઇ જોવા ન મળતાં તલાસી લેતાં ઘરના એક ખુણામાં ગોદડા નીચે સંતાડી મુકી રાખેલ ઈંગ્લિશ દારૂના પ્લાસ્ટીકના ૨૦૦ ક્વાટર જેની કિંમત રૂા.૨૬,૦૦૦ના મળી આવ્યા હતા. જથ્થો જપ્ત કરી હાજર નહી મળી આવેલા જાબીર ઉર્ફે ગોપાલ નાયક વિરૂદ્ધ સાગટાળા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગાંગરડી ગામે બાઈક સવાર બે યુવકોને માર મારી રોકડ, મોબાઈલની લૂંટ

દાહોદ,

દાહોદથી રાત્રે મોટર સાયકલ ઉપર કાકડખીલા જઈ રહેલા બે યુવકોને ગાંગરડી ફળીયા ગામે ચાર જેટલા ઈસમોએ રસ્તામાં રોકી દંડા વડે મારમારી એક મોબાઈલ ફોન તથા ૨૦ હજાર રોકડાની લુંટ કરી મારી નાંખવાની ધમકીઓ આપી નાસી ગયા હતા.

ધાનપુર તાલુકાના મંડોર ગામના વાઘ ફળિયામાં રહેતા મહેશભાઈ પ્રતાપભાઈ હઠીલા તથા તેના સાઢુ સવસીંગભાઈ નારૂભાઈ હઠીલા તા.૭ મેના રોજ રાત્રે મોટર સાયકલ ઉપર દાહોદથી કાકડખીલા ગામે જતા હતા. તે દરમિયાન ધાનપુર તાલુકાના ગાંગરડી ફળીયા ગામે ચીમનકુવા ફળીયામાં રોડ પર હાથમાં દંડા લઈને ઉભેલા ખડદા ગામના પપ્પુભાઈ સંગોડ, સુનીલ હરમલ ભુરીયા, રાજુ સંગોડ તથા અન્ય એક મળી ચાર જણાઓએ મહેશભાઈ હઠીલા તથા સવસીંગભાઈ નારૂભાઈ હઠીલાની બાઈક રસ્તામાં રોકી બંનેને દંડા વડે માર મારી મહેશભાઈ હઠીલા પાસેથી ૩ હજારની કિંમતનો મોબાઈલ ફોન તથા સવસીંગભાઈ નારૂભાઈ હઠીલાના ખિસ્સામાં મૂકી રાખેલ રૂા. ૨૦,૦૦૦ ની રોકડ મળી રૂા. ૨૩,૦૦૦ની મત્તાની લુંટ કરી બન્નેને મારી નાંખવાની ધમકીઓ આપી નાસી ગયા હતા. આ સંદર્ભે મહેશભાઈ પ્રતાપભાઈ હઠીલાએ ખડદા ગામના ત્રણ સહિત ચાર સામે ધાનપુર પોલીસ મથકે લૂંટની ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ધાનપુરના રાછવામાં સામાન્ય વાતે એક યુવકને માથામાં લાકડી મારી ઘાયલ કર્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના રાછવા ગામે તુ વચ્ચે કેમ પડે છે. તેમ કહી બે ભાઈઓએ યુવકને લાકડી વડે માર મારી માથામાં ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ સંદર્ભે ધાનપુર પોલીસે હુમલાખોર ભાઈઓ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના રાછવા ગામનો માનવેન્દ્રભાઈ શાન્તીલાલ પસાયા તા.૩ મેના રોજ સાંજના સમયે કોટંબી ચોકડી પાસે ઉભો હતો. તે દરમિયાન રાઠવા ગામનો સીવરાજભાઈ ગમીરભાઈ પસાયા અને તુષારભાઈ ગમીરભાઈ પસાયા તેની પાસે આવી સિવરાજ કહેવાલ લાગેલ કે મારો ભાઈ તુષાર ગમે ત્યા વાતો કરતો હશે તુ કેમ વચ્ચે પડે છે તેમ કહી ઉશ્કેરાઈ જઈ માનવેન્દ્રને બિભત્સ ગાળો બોલી તુષારે પકડી રાખતા સિવરાજે તેના હાથમાની લાકડી માથાના પાછળના ભાગે મારી દઈ લોહી નીકાળી દીધુ હતું. તેમજ શરીરે ગડદાપાટુનો માર મારી જીવતો છોડવાના નથી તેમ કહી ગમે તેમ ગાળો બોલી મારકુટ કરી હતી. જેમ તેમ કરી બચીને ભાગી જતાં બન્નેએ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ સંદર્ભે માનવેન્દ્ર પસાયાએ હુમલાખોર બન્ને ભાઈઓ વિરૂદ્ધ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## દાહોદ પંકજ સોસાયટીમાં ઘરફોડ ચોરી કરનાર ઝડપાયો

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ પંકજ સોસાયટી ખાતે એક ઘરમાંથી રૂા. ૧.૬૫ લાખનો ચોરીનો ભેદ ઉકેલાયો હતો. આ ચોરીમાં શહેરના સીંગલ ફળિયાના એક યુવકની પોલીસે ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે. દાહોદ પોલીસ અધિક્ષક બલરામ મીણા તથા મદદનીશ અધિક્ષક જગદીશ બાગરવાએ જિલ્લામાં બનતા ઘરફોડ (ચોરી) સંબંધી ગુનાઓ શોધી કાઢવા તથા ગુના બનતા અટકાવવા અને આરોપીઓને પકડી પાડવા માટે અધિકારીઓને સુચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જે અનુસંધાને ટાઉન પોલીસ મથકના પી.એસ.આઈ. વી.પી. પટેલ દ્વારા ડી - સ્ટાફને સુચન કરવામાં આવ્યું હતું. જેમાં તારીખ ૨૮મી ફેબ્રુઆરીના રોજ ટાઉન પોલીસ પોલીસ મથકમાં દાખલ પંકજ સોસાયટીના ઘરના પાછળના દરવાજાનું લોક તોડી અંદર પ્રવેશ કરી તિજોરીઓના તાળા તોડી તિજોરીમાં મુકી રાખેલ સોના-ચાંદીની રકમો તથા રોકડા રૂપીયા ૧,૬૫,૨૦૦ની મત્તાની ચોરી કરનાર ચાકલીયા રોડ સીંગલ ફળિયા ખાતે રહેતો સોહીલ મુકેશ સીસોદીયાને પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો.

# બેનડિયું



જીજ્ઞા કપુરીયા (નિયતી)

દરેક ભઈલાના જીવનમાં એક બહેનરૂપી પારેવડું હોય જ છે.
બહેન નાની હોય કે મોટી ભાઈ બહેનનાં હેતની તોલે કોણ આવી શકે છે?
એક એવી માજણી બેની જેને તમે વિશેષ પ્રેમ કર્યો હશે, એનું આપણાં જીવનમાં અલગ જ સ્થાન છે અને રહેશે તો ચાલો આ નિયતીની કલમે બેની વિશે એની જ શૈલીમાં,

એ બેનડિયું
તમારી સાથે તકરાર કરીને રિસાય પણ ગઈ હશે,
ને પછી, થોડીવારમાં I Love U ભઈલું કહીને ગળે પણ વળગી પડી હશે...

એ બેનડિયું
જેને તમારી ફરિયાદ માતાપિતાને કરી હશે,
ને પછી, તમને રડતાં જોઈને છાંનામાના પોતાની આંખમાં આવેલ અશ્રું પણ લૂછી લીધાં હશે..

એ બેનડિયું
જે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં તમારી પડખે આવીને ઊભી હશે,
ને પછી, સૌ સારાવાના થશે એવા આશિષ પણ દીધાં હશે..

એ બેનડિયું
જે પોતાની વિદાય વેળાએ તમને વળગીને રડી હશે,
ને પછી, એજ ભાઈની જાનમાં હરખપદૂડી થઈને ભાઈની લૂણ ઉતારી હશે...

એ બેનડિયું
જેને પિયરમાં કંકુનાં થાપા આપી પિતાની સંપત્તિમાંથી પોતાનો હક્ક જાતો કર્યો હશે,
ને પછી, તમે આપેલી ભેટને મહામૂલ્ય ગણીને ગદ્ ગદ્ થઈ ગઈ હશે...

એ બેનડિયું
જેને રક્ષાબંધનમાં પણ રાખડી બાંધવા હોશેહોશે આવી હશે,
ને પછી, તમારા દુખડાં લઈને દીર્ઘાયુની પ્રાર્થના પ્રભુ પાસે કરી હશે.

આવી આ બેનીને કદી દુભવશો નહીં કારણ તમારી આબરૂને સાચવનારી બેની કડવાઘૂંટ પીને પણ તમારી સાથે જ રહેશે. બહેન એટલે, ‘‘માતાનાં સહોદરથી સ્થાપિત થયેલો એક સંબંધ.’’ ક્યારેક જીવનનાં તાણાવાણામાં ખાલીપો સતાવેને મારા વહાલાં, ત્યારે આ બહેનરૂપી અમૃત પીને તો જોજો તમને તૃપ્તિ અવશ્ય મળી જશે..

## ગોધરા તાલુકાના હરકુંડી ગામે તમાકુંની પીલીયા અને મોટર મળી ૩૩ હજારના મુદ્દામાલની ચોરી

ગોધરા,

ગોધરા તાલુકાના હરકુંડી ગામનો પરિવાર રાજસ્થાન ઉદયપુર લગ્ન પ્રસંગમાં ગયા હતા. ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમો એ ગોડાઉન આગળ થી તમાકુંના પીલીયાની નવ ગાંસડી, કુવા માંથી મોટર મળી ૩૩,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.,

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના હરકુંડી ગામે રહેતા મયંકકુમાર નરેન્દ્રભાઈ પટેલ તથા પરિવારના સભ્યો રાજસ્થાન ઉદયપુર લગ્ન પ્રસંગમાં ગયા હતા અને લગ્ન માંથી પરત આવીને તેમના બનેવીના ગોડાઉનમાં જતાં ગોડાઉન આગળ મુકેલ તમાકુંના પીલીયાની ૯ ગાંસડીઓ કિંમત ૧૮,૦૦૦/- કુવામાં મુકેલ ૩ હોર્સપાવરની મોટર ૧૫,૦૦૦/-રૂપીયા મળી ૩૩,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલની અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી ગયા હતા. તેમજ ડ્રીપની પાઈપોને નુકશાન કર્યાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલના નાની ઉભરવાણ ગામની પરણિતાએ સાસરીયાના ત્રાસ થી ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

હાલોલ,

હાલોલ તાલુકાના નાની ઉભરવાણ ગામની પરણિતાને પતિ અને સાસરીયાઓ તને છોકરા થતાં નથી તું મરી જા તેમ કહીને માનસીક ત્રાસ આપતા કાયમી ત્રાસથી મુકત થવા ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના નાની ઉભરવાણ ગામના પરણિતા દિપીકાબેનને તેના પતિ વિજયભાઈ પરમાર, સાસુ લીલાબેન, જેઠ-જેઠાણી એ તને છોકરા થતાં નથી. તું મરી જા તેમ કહીને શારીરિક માનસીક ત્રાસ આપતા હોય જેથી કાયમી ત્રાસથી કંટાળીને દિપીકાબેને ગળે ફાંસો ખાને આપઘાત કરી મરણ જતા આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા આ બાબતે પોલીસ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરાના ઓરવાડ ગામ પાસે કાર ડિવાઈડર તોડી ટ્રેલરમાં ઘુસી જતાં પાંચ પૈકી ત્રણ યુવકોના મોત

ગોધરા,

ગોધરા તાલુકાના ઓરવાડ ગામ ખાતે મોટર કાર ડીવાઈડર પર ચઢી રોડની બીજી બાજુ ટ્રેલરમાં ઘુસી જતા આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના ઉંદેલ ગામના પાંચ પૈકી ત્રણ યુવકોના મોત નીપજયા હતા.જયારે બે યુવકોને સારવાર અર્થે વડોદરા રિફર કરવામાં આવ્યા હોવાનુ જાણવા મળી રહ્યુ છે.

આ પાંચેય યુવકો ઉજ્જૈન ખાતે મહાકાલના દર્શનાર્થે ગયા હતા અને દર્શન કરી પરત ફરતી વેળાએ તેઓની મોટરકાર ગોધરા તાલુકાના ઓરવાડા પાસે અચાનક ડીવાઈડર પર ચઢી બીજી બાજુના માર્ગ ઉપર ત્યાંથી પસાર થતાં ટ્રેલરમાં ઘુસી ગઈ હતી જેના પગલે ગમખ્વાર અક્સ્માત સર્જાયો હતો. બનાવને પગલે ગોધરા તાલુકા પોલીસ તેમજ નાગરિકો ઘટના સ્થળે દોડી ગયા હતા. બનાવ અંગેની જાણ યુવકોના સ્વજનોને થતાં તેઓ ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. આ મોતને ભેટેલ યુવાનો બિઝનેસ, ડાયમંડ માર્કેટ અને ફાર્મસીમાં અભ્યાસ કરતા હોવાનુ જાણવા મળ્યુ છે. જયારે એક મૃતક યુવક ખંભાત એ.પી.એમ.સી.ના પુર્વ વાઈસ ચેરમેનનો પુત્ર હોવાનુ પણ જાણવા મળી રહ્યુ છે. ત્યારે મૃતક તમામ યુવકો અપરિણિત હતા અને એકના એક સંતાનમાં હોવાનુ જાણવા મળી રહ્યુ છે.

## તરૂણીને ભગાડી જતાં પાટીયાઝોલ ગામના યુવક સામે અપહરણનો ગુનો

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના પાટીયાઝોલ ગામનો અંકીત પ્રકાશ બારીયા તા.૨૦ એપ્રિલના રોજ બપોરના ૧૨ વાગ્યાના અરસામાં ભામાતળાઈ ગામેથી એક ૧૭ વર્ષ ૪ મહિના ૨૩ દિવસની તરૂણીને લલચાવી ફોસલાવી પ્રેમના પાઠ ભણાવી પોતાની પત્ની તરીકે રાખવાના માટે કાયદેસરના વાલીપણામાંતી અપહર કરી લઈ નાસી ગયો હતો. આ બાબતની જાણ થતાં તરૂણીના પરિવારે શોધખોળ કરી હતી પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો. શોધખોળ દરમિયાન પાટીયાઝોલ ગામનો અંકીત પ્રકાશ બારીયા પોતાની પત્ની તરીકે રાખવા તરૂણીને ભગાડી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તરૂણીના પિતાએ અંકીત પ્રકાશ બારીયા વિરૂદ્ધ ગરબાડા પોલીસ મથકે અપહરણની ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ફુલપરી ઘાટા પાસે ઘઉં ભરેલ ટ્રક પલ્ટી ખાતા ભારે નુકસાન

લીમખેડા,

રતલામથી ઘઉંના કટ્ટા ભરીને ખંભાત જઈ રહેલા ટ્રકના ચાલકે પુરઝડપ અને ગફલતભરી રીતે હંકારી ફુલપરી ઘાટામાં સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવી ટ્રક પલ્ટી ખવડાવી હતી. સદ્નભાગ્યે ટ્રક ચાલકનો આબાદ બચાવ થયો હતો જયારે ટ્રક તથા ભરેલા ઘઉંમાં નુકસાન થયુ હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર રતલામની જોશી ટ્રેડિંગ કંપનીમાંથી જીજે-જે.ટી.-૩૮૮૪ નંબરની ટ્રકમાં ચાલક જલેંધર બલેશ્વરાય ૪૧૫ કટ્ટા ઘઉંના ઘરીને ખંભાતની જગદિશ રાઈસ મીલમાં ખાલી કરવા માટે જઈ રહ્યા હતા દરમિયાન લીમખેડાના લીમડી હાઈવે રસ્તા ઉપરના ફુલપરી ઘાટામાં ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ટ્રકના સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક પલ્ટી ખાઈ ગઈ હતી. સદ્નભાગ્યે ટ્રકના ચાલક જલંધર રાયનો આબાદ બચાવ થયો હતો. ટ્રક પલ્ટી ખાતા તેમાં ભરેલ ઘઉંના કટ્ટા વેરવિખેર થઈ રસ્તા ઉપર ફેંકાયા હતા. જેમાંથી ૧૩૦ ઘઉંના કટ્ટાને નુકસાની ભોગવવી પડી હતી. જોશી ટ્રેડિંગ કંપનીના મયંક સંજયભાઈ જોશીએ ટ્રક ચાલક વિરુદ્ધ લીમખેડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## ઘોઘંબાના રીંછવાણી જંગલમાં ૨૦ વર્ષિય યુવાને અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુધકાના રીછવાણી ગામના જંગલ પાસે મુલ્લાકુવા ગામનો યુવાન ઘરેથી કંઈપણ કહ્યા વગર નીકળી જઈ અને ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ હતુ. ૨૦ વર્ષિય એક યુવકે ટીમરવાના ઝાડ ઉપર લગભગ ૧૦ થી ૧૫ ફુટની ઉંચે ડાળ પર દોરડું બાંધી ફાંસો ખાતા ઘટના સ્થળે લોકટોળા ઉમટી પડયા હતા. આ બનાવ અંગે રીંછવાણી ગામના સરપંચ જશવંતસિંહ પટેલિયા દ્વારા સમગ્ર ઘનાની જાણ દામાવાવ પોલીસને કરાતા દામાવાવ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ.નીલમ આર.ડોઢીયા ઘટના સ્થળે પહોંચ્યા હતા. જેની તપાસ કરતા મુલ્લાકુવા ગામના શંકરભાઈ ભયલાભાઈ બારીયાનો ભત્રીજો હોવાની જાણ થતાં પોલીસે શંકરભાઈ ભયલાભાઈ બારીયા અને તેમના પરિવારજનોને ઓળખ માટે ઘટના સ્થળે બોલાવતા યુવકની ઓળખ થઈ હતી. જે મુકેશભાઈ પ્રભાતભાઈ બારીયા મુલ્લાકુવા ગામનો હોવાનુ બહાર આવ્યુ હતુ. પોલીસે તેમના પરિવારજનોને બોલાવી યુવકની ઓળખ કરાવી પંચનામુ કરી મૃતદેહને ઝાડ ઉપરથી ઉતારી પી.એમ.અર્થે ઘોઘંબા રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

## હાલોલના વાસેતી ગામે તાડ ઉપર ચઢેલ યુવાન તાડ પર ફસાઈ જતા ક્રેનથી ઉતારી સારવાર માટે ખસેડાતા મોત

હાલોલ,

હાલોલ તાલુકાના વાસેતી ગામે રહેતા યુવાન તાડના ઝાડ ઉપર તાડફળી તોડવા ચડયો હતો. તે યુવાન તાડના ઝાડમાં ફસાઈ જતા તેને કાઢવા માટે ફાયરબ્રિગેડની મદદ લીધી હતી છતાં પણ તેને બહાર કાઢી નહિ શકતા હાઈડ્રોક્રેનની મદદથી નીચે ઉતારી તાત્કાલિક સારવાર માટે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે પોલીસને જાણ થતાં તેઓ રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. પોલીસે અકસ્માત મોત અન્વયે ગુનો નોંધી આગળ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલ તાલુકાના વાસેતી ગામે રહેતા દિલીપભાઈ રામાભાઈ ચૌહાણ (ઉ.વ.૩૯, મુળ રહે.મોકળ-કનોડ, તા.કાલોલ) તાજપુરા ગામે ખેતરમાં તાડના ઝાડ ઉપર તાડફડી પાડવા માટે ચડયો હતો. અને તેનો કાબુ ન રહેતા તેને કમરે બાંધેલા પટ્ટામાં ભેરવેલુ પડીયુ તાડના પાડામાં ફસાઈ જતા તેના હાથ પગ છુટી ગયા હતા અને તાડ ઉપર લટકી પડયો હત. જેથી તેની સાથે ગયેલા કરણભાઈ પરમાર તાડ ઉપર ચઢીને ઉતારવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તે નિષ્ફળ જતા તાત્કાલિક ફાયરબ્રિગેડ તથા ૧૦૮ની મદદ મેળવી છતાં પણ તેને ઉતારી ન શકતા હાઈડ્રોક્રેનની મદદ લઈ દિલીપભાઈને નીચે ઉતારી ૧૦૮ એમ્બ્યુલન્સમાં હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યો હતો. પરંતુ તેને સારવાર મળે તે પહેલા જ તેનુ મોત નીપજયું હતુ. બનાવ અંગેની જાણ પોલીસને કરતા પોલીસ રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવી પ્રાથમિક તપાસ બાદ અકસ્માત મોત અન્વયે ગુનો દાખલ કરી પી.એમ.કરાવી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.218

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# શહેરાના મોરવા(રે) ગામમાં નલ સે જલ યોજનાની કામગીરી પુરી પણ નળમાં પાણી મળ્યું નથી

## લાખો રૂપીયાની પાણી પહોંચાડવાની યોજનામાં ભ્રષ્ટાચારની બુમ....





તસ્વીર : તુષાર દરજી, શહેરા

સરકાર દ્વારા પાણીને લગતી યોજના પાછળ લાખો રૂપિયાની ગ્રાન્ટ ગ્રામીણ વિસ્તારમાં લોકહિત માટે ફાળવવામાં આવતી હોય ત્યારે જવાબદાર તંત્રના અધિકારીઓ દ્વારા આ સામે મીઠી નજર રાખવાની જગ્યાએ ટેન્ડર મુજબની કામગીરી કરવામાં આવે તે પણ અત્યંત જરૂરી હોય તેમ છતાં જે રીતે મોરવા રેણા ગામમા નલ સે જલ યોજનાની કામગીરી ટેન્ડર પ્રક્રિયા મુજબ કરવામાં આવી છે કે નહી? તેની તપાસ કર્યા બાદ આ બાબતે ગ્રામજનોના પ્રતિભાવો લેવામાં આવા જોઈએ તે પણ જરૂરી છે.

મોરવા રેણા ગામમાં ત્રણ માસ અગાઉ વાસ્મો વિભાગની નલ સે જલની યોજનાની પાઈપ લાઈનની કામગીરી પૂર્ણ થતા ગામના વિવિધ વિસ્તારમાં આરસીસી સ્ટેન્ડ પોસ્ટ અને નળ કનેકશન ઘરે ઘરે મૂકી દેતા ગ્રામજનોને પાણીની સમસ્યામાંથી છુટકારો મળશે તેમ લાગી રહ્યું હતું. જોકે, સમય જતા નળ માં પાણી નહી આવતા ગ્રામજનોની આશા પર પાણી ફરી વળ્યું હતું. નાછૂટકે ગામની મહિલાઓને વર્ષોની પરંપરા મુજબ હેડ પંપ અને કૂવાના સહારે પીવા માટે અને ઘર વપરાશનું પાણી મેળવી રહ્યા છે.

ગામના વિવિધ વિસ્તારમાં નલ સે જલ યોજનાની પાઈપ લાઈનની કામગીરી પૂર્ણ થતા આરસીસી સ્ટેન્ડ પોસ્ટમાં નળ મૂકવામાં આવ્યા હતા. તેમાંથી અમુક આરસીસી સ્ટેન્ડ પોસ્ટ તૂટી જઈને નીચે પડી જતા તકલાદી હલકી કક્ષાનું મટીરીયલ વાપરવામાં આવ્યું હોય તેવી અનેક ચર્ચાઓ ગ્રામજનોમાં થઈ રહી હતી.

પાણી પુરવઠાની અનેક યોજનાઓ પાછળ સરકાર લખલૂટ ખર્ચ કરતી હોય તેમ છતાં ઉનાળામાં પાણીના પોકારો ગ્રામીણ વિસ્તારમાં ઊઠી રહ્યા હોય છે. પાણીને લગતી યોજના પાછળ જે રીતેનો ખર્ચ કરવામાં આવતો હોય તેમ છતાં મહિલાઓને એક બેડું પાણી ભરવા માટે ભટકવું પડતું હોય ત્યારે સબંધિત તંત્રના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ બાબતને ગંભીરતાથી લેવાની જગ્યાએ પોતાની ઓફિસમાં બેસીને ઠંડી હવા પંખાની ખાતા હોય જ્યારે બીજી તરફ પાણીની તકલીફના કારણે પ્રજાજનોને ભારે હાલાકી ભોગવવી પડી રહી હોય છે.

શહેરા,
શહેરા તાલુકાના મોરવા રેણા ગામમાં પીવાના પાણીની તકલીફ હોવાથી સ્થાનિક ગ્રામજનો હેડ પંપ અને કૂવાના સહારે પાણી મેળવી રહ્યા છે. આ ગામમાં નલ સે જલ યોજનાની પાઈપ લાઈનની કામગીરી પૂર્ણ થતા નળ કનેકશન ઘરે ઘરે મૂકે ત્રણ માસ ઉપરાંત સમય થવા છતાં હજુ સુધી પાણી મળતું નથી. આ ગામના અમુક વિસ્તારમાં મૂકવામાં આવેલ આરસીસી સ્ટેન્ડ પોસ્ટમાં મુકેલ નળ પણ તૂટી જતા નિયમ મુજબની કામગીરી કરવામાં નહીં આવી હોવાનું ગ્રામજનોમાં ચર્ચાનો મુદ્દો બને છે. સરકાર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે ઘરે ઘરે પાણી પહોંચાડવાની યોજનામાં ભ્રષ્ટાચારની બૂમ ઉઠવા પામી હોય ત્યારે જિલ્લા કલેકટર આ બાબતને ગંભીરતા લઈને તપાસ માટે આદેશ કરે તે પણ અત્યંત જરૂરી છે.

શહેરા તાલુકાના મોરવા રેણા ગામની વસ્તી આશરે ચાર હજારની આસપાસ હોવા સાથે શિક્ષણ ક્ષેત્રે સારૂ એવું નામ ધરાવે છે. આ ગામના ગ્રામજનોને પાણીની સુવિધા મળે તે માટે સરકાર દ્વારા વર્ષો પહેલા વણાકબોરી પાણી પુરવઠા જૂથ યોજના ફાળવવામાં આવી હતી. સમય જતા આ યોજનાનું પાણી ગામજનોને નહી મળતા આખરે હેડ પંપ અને કુવા ના સહારે પાણી મેળવી રહ્યા હતા. વાસ્મો વિભાગની નલ સે જલ જે ઘરે ઘરે પાણી પહોંચાડવાની યોજનાની કામગીરી અહીં શરૂ થતા ગ્રામજનોને એવું લાગી રહ્યું હતું કે, પાણીની સમસ્યાથી છુટકારો મળશે સમય જતા નલ સે જલ યોજનાની પાઈપ લાઈનની કામગીરી પૂર્ણ થતા ઘરે ઘરે આરસીસી સ્ટેન્ડ પોસ્ટમાં નળ પણ મૂકવામાં આવતા હેડ પંપ અને કુવા ખાતે પાણી ભરવા મહિલાઓને જવું નહી પડે તેવી આશા બંધાઈ હતી. ઉનાળાની શરૂઆત થયા બાદ અડધો ઉનાળો જતો રહેવા છતાં નળમાં પાણી નહી આવતા નાછૂટકે ગ્રામજનોને વર્ષોની પરંપરા મુજબ હેન્ડ પંપ અને કુવા ખાતે પીવા માટે તેમજ ઘર વપરાશનું પાણી ભરવા જતા હોય છે. જમીનમાં પાણીના તળ ઉંડા જતા હેડપંપ માં થોડીવાર પાણી આવ્યા બાદ બંધ થઈ જવા સાથે કૂવામાં પણ પાણી ઊંડા થઈ જતા પાણી ભરવા માટે મહિલાઓને ભારે તકલીફનો સામનો કરવો પડતો હોય છે. આ ગામમાં ત્રણ માસ કરતા વધુ સમય પહેલા નલ સે જલ યોજનાની પાઈપ લાઈનની કામગીરી પૂર્ણ થવા સાથે ઘરે ઘરે આરસીસી સ્ટેન્ડ પોસ્ટમાં નળ મુકી દેવામાં આવ્યા હોય તેમ છતાં ભર ઉનાળે હેડ પંપ અને કૂવાના સહારે ગ્રામજનો પાણી મેળવતા હોય ત્યારે રાજ્ય સરકારની અનેક પાણી પુરવઠા યોજના કેટલી સાર્થક હશે તે અહીની પરિસ્થિતિને જોતા ખબર પડી જાય છે.

# નોંધ નં. ૧૩૦૭૬-૭૩ એ.એ.વાળી નોંધ પ્રાંત અને સબડીવીઝન મેજીસ્ટ્રેટ વંચાણે લેવાઈ તેવો મામલતદાર શહેર અને ઈ-ધરા કેન્દ્ર તરફ આદેશો આપશે કે કેમ...?

ગોધરા,
દાહોદ જીલ્લા દાહોદની નોંધ નં.૧૩૦૭૬–૭૩ એ.એ.વાળી તા.૩૧/૦૮/૧૯૮૧ નોંધ મંજુર કરી આ નોંધમાં જે તે સમયના સર્કલ ઓફિસરો દ્વારા વારંવાર રાહે સક્ષમ અધિકારી કોલમમાં મારી અલગ અલગ પ્રકારના શેરા મારેલા જણાઈ આવે છે. જે શેરા અલગ અલગ વ્યકિત દ્વારા વેચાણ વ્યવહારો ગેરકાયદેસર હોય અને તલાટીઓ તરફ અભિપ્રાયો તથા ૭/૧૨ના ૭૩ એ.એ.ના નિયંત્રણો અંગે જુદાજુદા પ્રકારના શેરા અસલ ગામ નમુના નંબર–૬ હકકપત્ર અંગે જીલ્લા કલેકટર દાહોદ તપાસ કરે તેવી દાહોદના આદિવાસીઓની માંગ ઉઠવા પામેલ છે. જેથી ગરીબ અભણ આદિવાસીઓની મિલ્કતોમાં ભુમાફિયા દ્વારા તથા સરકારશ્રી નિયમો વિરૂદ્ધ ગેરકાયદેસર વ્યવહારો જીલ્લા દાહોદ કલેકટર તથા પ્રાંત દાહોદ એમ.એમ.ગણસવા મુળ હકીકતો તપાસ રેકર્ડ મુજબ નોંધ નં.૧૩૦૭૬–૭૩ એ.એ. જમીનોની કરે તો ખૂબ જ મોટા રાજકીય લાગવગ તથા ભુમાફિયાઓ બહાર આવે તેમ છે. જે યોગ્ય કાર્યવાહી થાય તેવી અભણ આદિવાસીઓ તરફ થી ગાંધીનગર સુધી રજુઆતો થયેલ છે.

નોંધ નં. ૧૩૦૭૬–૭૩ એ.એ.વાળી મિલ્કતો ઉપર થી ગામ નમુના ૭/૧૨ના નિયમો હટાવવામાં આવે તેવી કોઈ વિગતો રેકર્ડ સાથે સુસંગત થતી નથી અને કયા કયા અધિકારીઓ એ નોંધ નં.૧૩૦૭૬–૭૩ એ.એ. જોગવાઈ બાબતે વેચાણ કરતા પહેલા તથા નોંધ મંજુર કરનાર સર્કલ ઓફિસરો તથા નાયબ મામલતદારો મૂળ રેકર્ડ તપાસ કર્યા વગર આ નોંધ ૧૩૦૭૬–૭૩ એ.એ. ખૂબ જ મોટા પ્રમાણમાં હોય અલગ અલગ ભુમાફિયાઓના ગેરકાયદેસર સરકારશ્રી નિયમો વિરૂદ્ધ કબજા હોય અને જીલ્લ કલેકટર દાહોદ દ્વારા પરમીશન મેળવેલ ના હોય તેમ છતાં ખોટા વેચાણ વ્યવહારો તબદીલી કરેલ આ ભુમાફિયાઓ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓના મેળાપીપણાઓ તથા ગરીબ અભણ આદિવાસીઓ સાથે વિશ્વાસઘાત કરેલની તપાસ દરમીયાણ નિકળી સાથે તેમણે તેમજ સરકારશ્રી પ્રિમીયમની ગેરરીતિઓ તપાસ દરમીયાન મળી આવે તેમ છે. આ તમામ પ્રકારની સરકાર તરફથી મોટા પ્રમાણમાં સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંતને ગુજરાત સરકાર તરફ અનેક જવાબદારીઓ સોંપવામાં આવેલ છે. જે પ્રાંત એમ.એમ. ગણસવા દાહોદ તપાસ કરશે કે કેમ અને ગરીબ આદિવાસીઓને ન્યાય મળશે કે કેમ નોંધ નં.૧૩૦૭૬–૭૩ એ.એ.વાળી નોંધ ગરીબ અભણ આદિવાસીઓની હોય જે તે સમયના તલાટીઓ દ્વારા ઓનલાઈન મુકેલ હોવા છતાં કયા કયા ગરીબ આદિવાસીઓ નામો છે. તેવા નામો વંચાણે લેવાતા નથી અને ઓનલાઈન કરનાર તમામ કર્મચારીઓએ આદિવાસીના નામો તેઓના વડીલો મૃત્યુ પામેલ હોય તેવા કિસ્સા આ નોંધમાં જોવા મળે છે. અને નોંધ નં.૧૩૦૭૬–૭૩ એ.એ.વાળી મોટા પ્રમાણની નોંધ વારસદારોના હકક સાબિત થાય તેવા નામો ઓનલાઈન નોંધમાં વંચાણે લેવાતા નથી. જેથી આ અસલ નોંધ વંચાણે લેવાઈ અને ચોખ્ખી નોંધ અપલોડ થાય તેવી માંગ ઉઠવા પામેલ છે. જેથી તેઓ ગરીબ આદિવાસીની વારસાઈ થાય જેથી નોંધ નં.૧૩૦૭૬–૭૩એ.એ.વાળી મોટા પ્રમાણમાં ૧–૫૦ પેજની હોય અને વંચાણે ના લેવાતી હોય જે નોંધ નં.૧૩૦૭૬–૭૩એ.એ.વાળી નોંધ વંચાણે લેવાઈ જેથી આદિવાસીઓની વારસાઈઓ થાય તેવી માંગ ઉઠવા પામેલ છે. જેથી તમામ જવાબદારી સબડીવીઝનલ અને પ્રાંત દાહોદના એમ.એમ.ગણસવા દાહોદ મામલતદાર શહેર તરફ કરે અને ઈ–ધરા દાહોદ મામલતદાર તરફથી અસલ રેકર્ડ તલાટી દ્વારા વંચાણે લેવાય તેવી આદિવાસીઓ દ્વારા માંગો ઉઠાવવામાં આવેલ છે.

# હાલોલના પત્રકાર ઉપર થયેલા જાહેર હુમલાને પત્રકારોએ વખોડી કાઢી આરોપીઓને કડક સજા કરવા પંચમહાલ જીલ્લા પોલીસ વડા સમક્ષ રજૂઆત



હાલોલ,
હાલોલ વિસ્તારમા શનિવારે થયેલા પત્રકાર ઉપર હાલોલ તાલુકા પંચાયત પાસે થયેલ હુમલાના વિરોધ બાદ હાલોલ શહેર ના તમામ પત્રકાર મિત્રોએ એક સાથે મળી આરોપીઓ વિરૂદ્ધ કાયદેસર કરવા હાલોલ પોલીસ સ્ટેશન ફરિયાદ કરાઈ હતી. ત્યારબાદ હાલોલ પ્રાંત અધીકારી સમક્ષ રજૂઆત કરી અને ત્યારબાદ હાલોલ તેમજ આજુબાજુના પત્રકાર મિત્રોએ સાથ સહકાર આપી પંચમહાલ જીલ્લા પોલીસ વડા સમક્ષ રજૂઆત કરી હતી. તેમણે તમામ આરોપીઓ વિરૂદ્ધ પત્રકાર કલમને દબાવવાની કોશિષ કરવાના ગુનો તેમજ જાહેર માર્ગે હુલ્લડ ભેગુ કરી લાવી અસામાજીક વ્યકિત જેવુ વર્તન કરી પત્રકાર પુષ્પેન્દ્રભાઈની ઈજ્જત (માન મર્યાદા) ઉપર દાગ લગાવી જઘન્ય અપરાધ કર્યો હોવાથી તમામ આરોપીઓ વિરૂદ્ધ અલગ અલગ કલમ મુજબ ગુનો દાખલ કરવા જણાવેલ. ત્યારબાદ પંચમહાલ તેમજ વડોદરા જીલ્લાથી આવેલ. પત્રકાર સંગઠન પ્રમુખ તેમજ અન્ય મિત્રોએ ગુજરાત રાજ્ય ના તમામ પત્રકાર સંગઠનો દ્વારા જણાવેલ કે આવા આરોપીઓ વિરૂદ્ધ કાયદેસર કરવા ઠીલાશ કરવામા આવશે તો આવનાર સમય દરમ્યાન ગુજરાતના તમામ જીલ્લાઓ તેમજ તમામ તાલુકા કચેરીઓ ખાતે આવેદનપત્ર આપી વિરોધ કરવામા આવશે અને તેની સંપુર્ણ જવાબદારી સરકારની રહેશે અને જ્રૂર જણાય તો ભૂખ હળતાલ પણ કરવા તૈયારીઓ દર્શાવેલ. દેશની ચોથી જાગીર એવા હાલોલના પત્રકાર મિત્ર ઉપર થયેલ હુમલામાં કડકમાં કડક પગલાં ભરવા બાબતે. પત્રકાર સંઘર્ષ સમિતિ ગુજરાત રાજ્યમાં હર હમેંશ પત્રકાર મિત્રોના હિત અને રક્ષણ માટે કાર્યરત છે. ત્યારે ગત શનિવારના રોજ હાલોલ તાલુકા પંચાયતની ઓફિસ બહાર ઈન્ડિયા ન્યૂઝના રિપોર્ટર તેમજ સ્વદેશ દર્પણ સાપ્તાહિક ન્યૂઝ પેપરના તંત્રી પુષ્પેન્દ્ર રાઠોડ ઉપર હાલોલ પાલિકાના વિરોધ પક્ષના નેતા સલીમ પાનવાળા અને તેઓનો પુત્ર સાથે ૧૦ થી ૧૫ અજાણ્યા ઈસમોના ટોળાં દ્વારા જે પ્રમાણે ઈરાદાપૂર્વકનો પુષ્પન્દ્રસિંહ રાઠોડ ઉપર હુમલો કરવા માં આવ્યો અને સાથે સમગ્ર ઘટનામાં સલીમ પાનવાળા દ્વારા સમગ્ર પત્રકારને હાલોલમાં નહીં રહેવા દવ જેવા. ઉચ્ચારનો કરી ધમકી આપી તે બાબતને પત્રકાર સંઘર્ષ સમિતિ ગુજરાત રાજ્ય વખોડી કાઢે છે. આ ઘટનામાં વિરોધ પક્ષના નેતા સલીમ પાનવાલ સમગ્ર પત્રકાર મિત્રોની મીડિયા સમક્ષ માફી. તેમજ તેઓના ઉપર કાયદેસર ફરિયાદ દાખલ કરી જેટલા લોકો આ ગુનામાં સંડોવાયેલ હોય તમામ ઉપર કડકમાં કડક પગલાં ભરવામાં આવે તેવું સમગ્ર પત્રકાર જગતની માંગણી છે અને જો તેમાં ઢીલાશ રાખવામાં આવશે તો આગામી દિવસમાં સમગ્ર ઘટનાને લઈ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સુધી રજુઆત તેમજ ઉગ્ર આંદોલન ગાંધી ચિંધ્યા માર્ગે કરવામાં આવશે. સમગ્ર ઘટનામાં ન્યાયિક પ્રક્રિયામાં પત્રકાર સંઘર્ષ સમિતિના પ્રદેશ અદયક્ષ તથા પ્રમુખ અને મીતેશભાઈ તડવી સહીત પંચમહાલ હાલોલ અલગ અલગ પત્રકારો સાથે ન્યૂઝ ચેનલ તથા સાપ્તાહિક અખબાર તંત્રીઓ સાથે જીલ્લા કક્ષાએ રજૂઆત કરી પત્રકાર ઉપર હુમલો કરનાર આરોપીઓ વિરૂદ્ધ કાયદેસર કડક કાર્યવાહી કરવા જણાવેલ છે.

## હાલોલના સાથરોટા ગામે રિક્ષા ચાલકે બાઈકને ટકકર મારતા બાઈક ચાલકનું મોત

હાલોલ,
હાલોલ તાલુકાના સાથરોટા ગામે મુખ્ય રોડ પર રીક્ષાના ચાલકે બાઈકને ટકકર મારતા બાઈક ચાલકનુ વડોદરા સયાજી હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ. બનાવ અંગે હાલોલ રૂરલ પોલીસ મથકે અકસ્માતની ફરિયાદ નોંધાતા પોલીસે આગળ તપાસ હાથ ધરી છે.

કાલોલના રતનપુરા ગામે સાવલી ફળિયામાં રહેતા રમેશભાઈ દલપતભાઈ પરમાર પોતાની બાઈક લઈ હાલોલ તાલુકાના સાથરોટા ગામે સાસરીમાં પત્નિને લેવા માટે જઈ રહ્યા હતા દરમિયાન સાથરોટા ગામના મુખ્ય રોડ પર રામદેવનગર સોસાયટી નજીક એક ઓટો રિક્ષાના ચાલકે પોતાની રિક્ષાને પુરઝડપે હંકારી લઈ આવી રમેશભાઈની બાઈકને ટકકર મારતા રમેશભાઈ બાઈક પરથી રોડ પર પટકાયા હતા જેમાં તેઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જયારે રિક્ષાનો ચાલક અકસ્માત સર્જીને રિક્ષા ઘટના સ્થળે છોડી ભાગી છુટયો હતો. જેમાં અકસ્માત જોઈ આસપાસથી દોડી આવેલા લોકોને ઈજાગ્રસ્ત રમેશભાઈને સારવાર માટે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યા બાદ વધુ સારવાર માટે વડોદરા સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જેમાં સયાજી હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહેલા રમેશભાઈનુ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ. જેમાં બનાવ અંગે રિક્ષા ચાલક સામે હાલોલ રૂરલ પોલીસ મથકમાં અક્સ્માતની ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પંચમહાલ જિલ્લામાં બેંક મારફતે પેન્શન મેળવતા પેન્શનરોએ વાર્ષિક હયાતિની ખરાઈ કરાવવા અંગે

ગોધરા,
જિલ્લા તિજોરી કચેરી પંચમહાલ ગોધરા ખાતેથી IRLA સ્કીમ હેઠળ બેંક મારફતે પેન્શન મેળવતા તમામ પેન્શનરોએ વાર્ષિક હયાતિની ખાતરી કરાવવાની થાય છે. આ માટે તમામ પેન્શનરોએ મે–૨૦૨૨ થી જુલાઈ– ૨૦૨૨ માસ દરમિયાન સંબંધિત બેંકમાં રૂબરૂ હાજર થઈ હયાતી અંગેનું ફોર્મ ભરીને તે જ બેંકમાં આપવાનું રહે છે. હયાતી માટેના નામ અને પી.પી.ઓ નંબર સહિતના પ્રિ પ્રિન્ટેડ ફોર્મ ભરીને તમામ બેંકમાં દરેક પેન્શનર માટે તૈયાર કરીને મોકલી આપવામાં આવેલ છે. કુટુંબ પેન્શન મેળવતા પેન્શનરોએ આજ ફોર્મમાં પુનઃ લગ્ન કરેલ નથી, તેવુ દર્શાવીને જવાબદાર અધિકારી ના સહી/સિક્કા કરાવવાના રહે છે. ૫૦ વર્ષની ઉંમર પુરી કરેલ મહિલા પેન્શનરોએ આવુ પ્રમાણપત્ર આપવું જરૂરી નથી, પરંતુ આવા પેન્શનરોએ પોતાની જન્મતારીખ દર્શાવવાની રહેશે. પરદેશમાં વસતા પેન્શનરોએ હયાતિની ખાતરી માટે જે તે દેશના વિસ્તારના નોટરીના અસલ સહિ/સિક્કા વાળું પ્રમાણપત્ર, પીપીઓ નંબર તથા બેંકનુ નામ દર્શાવી મોકલવાનું રહેશે. હયાતિ પ્રમાણપત્ર રજુ નહિ કરનાર પેન્શનરોને ઓગષ્ટ–૨૦૨૨ થી પેન્શનનું ચુકવણું સ્થગિત કરવામાં આવશે. જેની નોધ લઈ તમામ પેન્શનરોએ હયાતીની ખરાઈ સમય મર્યાદામાં કરવા અનુરોધ છે. વધુમાં પેન્શનની વાર્ષિક આવકનું પ્રમાણપત્ર https://cybertreasuryuat.gujarat.gov.in PENSION PORTAL ઉપરથી મેળવી લેવા અંગે જિલ્લા તિજોરી અધિકારી પંચમહાલ ગોધરાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## હાલોલના ટપલાવાવ જંગલમાં સંતાડી રાખેલ ૮.૯૫ લાખના દારૂ સાથે એક ઈસમને LCB પોલીસે ઝડપ્યો



હાલોલ,
હાલોલ તાલુકાના ટપલાવાવ ગામે રહેતા ઈસમ જંગલમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીનાઅ આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂની પેટી નંગ–૩૨૪ કિંમત ૮,૯૫,૯૨૦/–રૂપીયાનો મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલના ટપલાવાવ ગામે રહેતા દિનેશ ગોવિંદભાઈ રાઠવા અને ઘોઘંબાના રણજીતનગર ગામે રહેતા રાજુ બિપીનભાઈ રાઠવા બન્ને ભેગા મળી ટપલાવાવ જંગલમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવીને સંતાડી રાખેલ છે. તેવી બાતમીના ગોધરા એલ.સી.બી.પોલીસને મળી હતી. બન્ને ઈસમો દારૂનો જથ્થો સગેવગે કરવાની પેરવી કરે છે. તેવી ચોકકસ માહિતીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમીયાન નયના પ્રિમીયમ વ્હીસ્કી પેટી નંગ–૯૧ કિંમત ૨,૪૦,૨૪૦/–, પાવર સ્ટાર ફાઈન વ્હીસ્કી પેટી નંગ–૪૪ કિંમત ૧,૨૧,૪૪૦/–, રાજધાની વ્હીસ્કી પેટી નંગ૧૪૭ કિંમત ૪,૨૩,૩૬૦/–રૂપીયા મળી કુલ ૮,૯૫,૯૨૦/–રૂપીયાનો ઈંગ્લીશ દારૂનો જથ્થો સાથે અલ્કેશ રમેશભાઈ રાઠવા રહે. રણજીત નગર, ઘોઘંબાને ઝડપી પાડવામાં આવ્યો જ્યારે વોન્ટેડ આરોપીઓ દિનેશભાઈ ગોવિંદભાઈ રાઠવા, રાજુભાઈ બિપીનભાઈ રાઠવા, જગદીશ ઉર્ફે જગલો કલ્યાણસિંહ બારીયા વિરૂદ્ધ પાવાગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા ખાનગી શાળામાં ફરજ બજાવતા શિક્ષિકાના ફોટો વાયરલ કરવાની ધમકી આપતાં મુસ્લીમ શિક્ષકની પોલીસે ધરપકડ કરી

ગોધરા,
ગોધરાની એક ખાનગી શાળામાં ફરજ બજાવતા મુસ્લિમ શિક્ષકે હિન્દૂ શિક્ષિકાના ફોટા સોશિયલ મીડિયા પર પ્રસિદ્ધ કરી મહિલા શિક્ષિકાને બદનામ કરવાની ધમકી આપી તેના દીકરા તેમજ ખાનદાનને જાન થી મારી નાખવાની ધમકીઓ આપી મહિલા શિક્ષિકાની મરજી વિરૂદ્ધ મુસ્લિમ શિક્ષકે અવાર–નવાર શારીરિક સબંધ બાંધી બળાત્કાર ગુજારતા આ બનાવ અંગે શહેર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે મુસ્લિમ શિક્ષક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગોધરા ખાતે આવેલી એક ખાનગી સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા સોહેબ અખ્તર ઈમ્તિયાઝમીયા શેખ રહે, શેખ ફળિયું હાટડી ચોક વાડદ તા,ઠાસરા જી.ખેડાનાઓએ ફંકશનોના કામ દરમ્યાન કોઈપણ રીતે હિન્દૂ મહિલા શિક્ષિકાના ફોટા અને વિડિઓ પડી લઈ અને તેને એડિટ કરી સોશિયલ મીડિયા પર પ્રસિદ્ધ કરી મહિલા શિક્ષિકાને બદનામ કરવાની ધમકી આપી તેના દીકરા તેમજ ખાનદાનને જાન થી મારી નાખવાની ધમકી આપી મહિલા શિક્ષિકાની મરજી વિરૂદ્ધ અવાર–નવાર શારીરિક સબંધ બાંધી આ મુસ્લિમ શિક્ષકે મહિલા શિક્ષિકા સાથે સબંધ રાખવા દબાણ કરી જાન થી મારી નાખવાની ધમકીઓ આપતા મુસ્લિમ શિક્ષકે તું મારી સાથે સબંધ નહિ રાખે તને અને તારા છોકરાને ઉઠાવી જઈશ તેવી અવાર–નવાર ધમકીઓ આપી તેમજ તારા ખાનદાનને જાનથી મારી નાખીશ તેમજ તારા મોઢા પર એસિડ ફેંકી દઈશ તારો છોકરો જે સ્કૂલમાં ભણે છે તેને પણ ઉઠાવીને મારી નાખીશ તારે મારી પાસે જ આવું પડશે તેમ કહી અનેક વખત મહિલા શિક્ષિકા સાથે તેની મરજી વિરૂદ્ધ બળાત્કાર ગુજારતા આ બનાવ અંગે હિંમતભેર મહિલા શિક્ષિકાએ મુસ્લિમ શિક્ષક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તેની ધરપકડ કરી હતી અને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા હોવાનું જાણવા મળે છે. વિદ્યાના ધામમાં આ પ્રકારનો કિસ્સો સામે આવતા શિક્ષક આલમમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

# કોવિડ રસીકરણ બુસ્ટર ડોઝ અન્ય વ્યક્તિઓને પ્રાઈવેટ રસીકરણ કેન્દ્ર ખાતે ઘટાડેલા દરે ઉપલબ્ધ થશે

ગોધરા,
કોવિડ રસીકરણ બુસ્ટર ડોઝ ૧૮ થી ૫૯ વર્ષની વય જુથના વ્યક્તિઓને બીજો ડોઝ આપ્યાના ૯ માસ બાદ લેવાનો હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે કોવિડ રસીકરણ કોરોના સામે લડત આપવા માટે જરૂરી રોગ પ્રતિકારક શક્તિ મજબૂત કરવા અર્થે જરૂરી છે. બુસ્ટર ડોઝ ફ્રન્ટ લાઈન કાર્યકર, આરોગ્ય કર્મચારી તેમજ સિનિયર સિટીજન ને સરકાર દવારા નિશુલ્ક આપવામાં આવે છે તેમજ અન્ય વ્યક્તિઓ અર્થે પ્રાઈવેટ રસીકરણ કેન્દ્ર ખાતે રૂા.૨૨૫ વેક્સિન ખર્ચ તેમજ ૫% જી.એસ.ટી. તેમજ હોસ્પિટલ સર્વિસ ચાર્જ રૂા.૧૫૦ પ્રતિ ડોઝ ના ઘટાડેલા દરે રસીકરણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. રસીકરણ અર્થ નીચે મુજબની હોસ્પિટલ કાર્યરત કરવામાં આવેલ છે. જ્યાંથી વેક્સિન મેળવી શકાય છે. જેમાં જે.બી. જનરલ હોસ્પિટલ, અણીયાદ, જાહવી ઓર્થોપેડિક હોસ્પિટલ હાલોલ, વિનાયક હોસ્પિટલ, કાલોલ, નંદ હોસ્પિટલ હાલોલ, મા સજીર્કલ હોસ્પિટલ હાલોલ, વાત્સલ્ય હોસ્પિટલ ઘોઘંબા, શ્રદ્ધા હોસ્પિટલ સંતરોડ, વિનાયક જનરલ અને મેટરનીટી હોસ્પિટલ ઘોઘંબા, જય ઓર્થોપેડિક હોસ્પિટલ હાલોલ, નિરામય હોસ્પિટલ હાલોલ, સ્ટેગો હોસ્પિટલ ગોધરા છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત પંચમહાલ–ગોધરાની એક અખબારી યાદીમાં જણાવાયું છે.